સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 29**

[11/07/21 to 17/07/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


ગુજરાત સરકારની 2021માં પ્રસિદ્ધ થનારી વર્ગ-3ની તમામ નવી ભરતીઓ માટેની વિશેષ બેચ

જનરલ બેચ

22nd JULY સુધી 10% DISCOUNT

22-07-2021 સાંજે 4 થી 6

રાજકોટ offline

રજીસ્ટ્રેશન ફરજિયાત

93757-01110 / 93280-01110

!! SOCIAL DISTANCE મર્યાદિત સંખ્યા

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 11 JULY-2021


- દિવસ મહિમા : 11 જુલાઈ, (1) વિશ્વ વસતી દિવસ (World Population Day) .... 02
- વર્જિન ગેલેક્ટિક (Virgin Galactic) એ અંતરિક્ષમાં ઉડાન ભરી .... 02
- ઉત્તરપ્રદેશની નવી વસતી નિયંત્રણ નીતિ .... 03
- QUESTION ANSWERS .... 04


## 12 JULY-2021


- દિવસ મહિમા : 12 જુલાઈ, મલાલા દિવસ (Malala Day) .... 05
- યૂરોકપ- 2020 : ઈટાલી ચેમ્પિયન .... 05
- ભગવાન શ્રી જગન્નાથજીની 144મી રથયાત્રા .... 07
- વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2021 .... 09
- QUESTION ANSWERS .... 11


## 13 JULY-2021


- ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડન .... 12
- આકાશીય વીજળી સંબંધિત ઘટનાઓ .... 12
- કોપા અમેરિકા કપમાં આર્જેન્ટિના ચેમ્પિયન .... 13
- ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ (KVIC) એ 3 દેશોમાં 'ખાદી' ટ્રેડમાર્કની નોંધણી કરાવી .... 14
- QUESTION ANSWERS .... 15


## 14 JULY-2021


- દિવસ મહિમા : 14 જુલાઈ, ફ્રેન્ચ બેસ્ટિલ ડે (French Bastille Day) .... 16
- કેબિનેટ સમિતિઓ .... 16
- ભૂટાનમાં BHIM-UPI લોન્ચ કરવામાં આવી .... 17
- ભારતીય ક્રિકેટર શ્રી યશપાલ શર્માનું નિધન .... 18
- QUESTION ANSWERS .... 19


## 15 JULY-2021


- દિવસ મહિમા : 15 જુલાઈ, વિશ્વ યુવા કૌશલ દિવસ (World Youth Skills Day) .... 20
- કેબિનેટે રાષ્ટ્રીય આયુષ મિશનને ચાલુ રાખવાની મંજૂરી આપી .... 20
- નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ડ્રોન નિયમ, 2021નો મુસદ્દો બહાર પાડયો .... 21
- વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-2026 .... 22
- QUESTION ANSWERS .... 23


## 16 JULY-2021


- દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day) .... 24
- હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ભારતની પ્રથમ 'Monk Fruit'ની ખેતી શરૂ થઈ. .... 24
- સ્થગન પ્રસ્તાવ (Adjournment Motion) .... 25
- દક્ષિણ આફ્રિકામાં હિંસક વિરોધ પ્રદર્શન .... 26
- QUESTION ANSWERS .... 27


## 17 JULY-2021


- દિવસ મહિમા : 17 જુલાઈ, (1) વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (2) વિશ્વ ઈમોજી દિવસ .... 27
- 'કિસાન સારથી' મંચ .... 27
- જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટનું નામ બદલવામાં આવ્યું .... 28
- કૃષ્ણા અને ગોદાવરી નદી મેનેજમેન્ટ બોર્ડ .... 28
- QUESTION ANSWERS .... 29

ONE LINER .... 30

QUESTION OF THIS WEEK .... 37


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 11 જુલાઈ, (1) વિશ્વ વસતી દિવસ (World Population Day)

સમગ્ર વિશ્વમાં વધતી જતી વસતી અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 11 જુલાઈના રોજ 'વિશ્વ વસતી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.




- 11 જુલાઈ, 1987ના રોજ વિશ્વની વસતી 5 બિલિયન (5 અબજ) ને પાર થઈ હતી.
- આથી, આ દિવસને ધ્યાનમાં રાખીને દર વર્ષે 11 જુલાઈના રોજ 'વિશ્વ વસતી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- એ સમયે ડો. કે.સી. ઝાચારિયાહ દ્વારા આ દિવસની ઉજવણીનું સૂચન કરવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 જુલાઈ, 1989ના રોજ સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમની તત્કાલીન ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા આ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે.
- ત્યારથી દર વર્ષે 11 જુલાઈના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2021ની 'વિશ્વ વસતી દિવસ'ની થીમ "Rights and Choices are the answer : Whether baby boom or bust, The Solution to shifting Fertility rates lies in Prioritizing the Reproductive Health and right of all People" છે.

## વર્જિન ગેલેક્ટિક (Virgin Galactic) એ અંતરિક્ષમાં ઉડાન ભરી

તાજેતરમાં બ્રિટિશ અરબપતિ શ્રી રિચાર્ડ બ્રેન્સનએ તેમના વર્જિન ગેલેક્ટિક રોકેટ વિમાન પર ન્યૂ મેક્સિકોના રણથી 50 માઈલ ઉપર સુધી ઉડાન ભરી હતી.



- શ્રી રિચાર્ડ બ્રેન્સન સાથે 'વર્જિન ગેલેક્ટિક' VSS યુનિટી અવકાશયાનમાં ભારતીય મૂળના એરોનોટિકલ એન્જિનિયર સુશ્રી શિરીષા બાંદલા અને અન્ય પાંચ કર્મચારી હતા.
- આ વર્જિન ગેલેક્ટિક સ્પેસ ફ્લાઈટ એ 17 વર્ષ પહેલા રિચાર્ડ બ્રેન્સન દ્વારા શરૂ કરેલ સાહસ માટેનું પ્રતીકાત્મક લક્ષ્ય છે.
- આ મિશનથી અંતરિક્ષ પર્યટનના નવા યુગના દરવાજા ખુલી ગયા છે. તથા તેનું વાણિજ્યિક સંચાલન વર્ષ 2022 થી શરૂ થશે.
- આ ફ્લાઈટ પ્લાન મુજબ VSS યુનિટી સ્પેસ પ્લેનને 46,000 ફીટ ઊંચાઈએ લઈ જવામાં આવ્યું હતું.
- વર્ષ 2022માં તેની નિયમિત વ્યાવસાયિક કામગીરી શરૂ કરતા પહેલા અંતરિક્ષ વિમાનની ઓછામાં ઓછી બે વધુ ફ્લાઈટ પરીક્ષણની યોજના બનાવી રહે છે.
- નોંધનીય છે કે સ્પેસ પ્લેનની ટિકિટની કિંમત લગભગ 2,50,000 ડોલર પ્રતિ ટિકિટ છે.

### વર્જિન ગેલેક્ટિક

વર્જિન ગેલેક્ટિક યુ.એસ.માં કાર્યરત બ્રિટિશ–અમેરિકન સ્પેસફ્લાઈટ કંપની છે.

- તેની સ્થાપના શ્રી રિચાર્ડ બ્રેન્સન દ્વારા કરવામાં આવી હતી.
- તે એક વિકાસશીલ વ્યાપારી અવકાશયાન છે જેનો મુખ્ય ઉદ્દેશ અંતરિક્ષ પર્યટકોને ઉપકક્ષીય અંતરિક્ષ ઉડાન પ્રદાન કરવાનો છે.
- વર્જિન ગેલેક્ટિકના સબર્બિટલ અવકાશયાન 'વ્હાઈટ નાઈટ ટુ' (White Knight Two) નામના એક વાહક હવાઈ જહાજથી લોન્ચ કરવામાં આવે છે.

## સુશ્રી સિરિશા બાંદલા



સુશ્રી સિરિશા બાંદલાનો જન્મ વર્ષ 1987માં આંધ્રપ્રદેશના ગુંટૂર જિલ્લાના ચિરાલામાં થયો હતો.

- એરોનોટિકલ એન્જિનિયર સુશ્રી સિરિશા બાંદલા અવકાશમાં પ્રવેશનાર ભારતીય મૂળની ત્રીજી મહિલા બની છે.
- આ પહેલા ભારતીય મૂળના સુશ્રી કલ્પના ચાવલા અને સુશ્રી સુનિતા વિલિયમ્સ અંતરિક્ષ યાત્રા કરી ચૂકયા છે.
- જુલાઈ 2015માં તેઓ એ શ્રી રિચાર્ડ બ્રેન્સનની કંપની 'વર્જિન ગેલેક્ટિક'માં કામ કરવાનું શરૂ કર્યું હતું.

## ઉત્તરપ્રદેશની નવી વસતી નિયંત્રણ નીતિ

વિશ્વ વસતી દિવસના રોજ ઉત્તરપ્રદેશ સરકારે 2021-2030 માટે નવી વસતી નીતિની જાહેરાત કરી છે.

- આ અંતર્ગત 'ઉત્તરપ્રદેશ વસતી (નિયંત્રણ, સ્થિરતા અને કલ્યાણ) અધિનિયમ, 2021' નામનું વસતી નિયંત્રણ બિલ પ્રસ્તાવિત કર્યું છે.
- આ બિલ અથવા અધિનિયમ ઉત્તરપ્રદેશ રાજ્ય કાયદા પંચ દ્વારા રાજ્યની વસતીને નિયંત્રિત કરવા સ્થિરતા અને કલ્યાણ માટે લાવવામાં આવ્યું છે.
- ઉત્તરપ્રદેશ રાજ્ય કાયદા પંચે આ ડ્રાફ્ટ પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યો છે અને જનતા પાસે 19 જુલાઈ સુધીમાં વાંધા–સૂચનો મંગાવવામાં આવ્યા છે.
- આ નવી નીતિમાં વસતી નિયંત્રણમાં મદદ કરનારાઓને પ્રોત્સાહન આપવાની પણ જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ખરડા (Bill) ની મુખ્ય જોગવાઈઓ

આ ખરડાના મુસદ્દામાં કરવામાં આવેલી જોગવાઈઓ નીચે મુજબ દર્શાવવામાં આવી છે :

બે બાળકથી વધુ ધરાવનાર.....

- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી લડી શકશે નહીં.
- સરકરી નોકરી મેળવવા માટે અરજી કરી શકશે નહીં.
- સરકારી કર્મચારીને નોકરીમાં પ્રમોશન અપાશે નહીં.
- સરકારી યોજનાઓ અને કોઈપણ સબસિડી મળવાપાત્ર રહેશે નહીં.

મહત્તમ બે બાળકની નીતિ અપનાવનાર ને....

- સરકારી કર્મચારીને તેની નોકરીના સમયગાળામાં બે વધારાના ઈન્ક્રિમેન્ટ મળશે.
- 12 મહિનાની મેટરનિટી અથવા પેટરનિટી લીવનો સંપૂર્ણ પગાર ભથ્થા સાથે ચૂકવાશે.
- પાણી, વીજળી, હાઉસ ટેક્સમાં રાહત, હોમ સહિતની લોનમાં છૂટ અપાશે.
- નેશનલ પેન્શન સ્કીમ અંતર્ગત ઈ.સી. એફમાં 3 ટકાનો વધારો અપાશે.

એક બાળકની નીતિ અપાવનારને......

- એક સંતાન બાદ નસબંધી કરાવનારને 20 વર્ષ સુધી મફત સારવાર, વીમો અને સરકારી નોકરીમાં પ્રાથમિકતા અપાશે.
- બાળક પુખ્ત થતા યુવાનો માટે રૂપિયા 77,000 અને યુવતી માટે રૂપિયા એક લાખની રકમ અપાશે.
- દીકરીને ઉચ્ચ શિક્ષણ સુધી મફત શિક્ષણ અને દીકરા માટે 20 વર્ષ સુધી મફત શિક્ષણ.

નોંધ : આ અધિનિયમના અમલ માટે રાજ્ય પોપ્યુલેશન ફંડની પણ સ્થાપના કરવામાં આવશે.

1. 'વિશ્વ વસતી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 જુલાઈ (B) 11 જુલાઈ (C) 12 જુલાઈ (D) 13 જુલાઈ **(B)**

2. 'વિશ્વ વસતી દિન'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયાં વિધાનો સાચા છે ?

1. 11 જુલાઈ 1987ના રોજ વિશ્વની વસતી 5 અબજને પાર થઈ ગઈ હતી.

2. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામની ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા 11 જુલાઈ 1987 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

3. એ સમયે ડો. કે.સી. ઝાચારિયાહ દ્વારા આ દિવસની ઉજવણીનું સૂચન કરવામાં આવ્યું હતું.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3 **(D)**

3. શ્રી રિચાર્ડ બ્રેન્સન અને તેના 6 કર્મચારીએ કયા રોકેટ વિમાન પર અવકાશમાં ઉડાન ભરી હતી ?

(A) વર્જિન ગેલેક્ટિક (B) VG- AL3 (C) ન્યૂ ગેલેક્ટિક (D) વ્હાઈટ નાઈટ **(A)**

4. તાજેતરમાં શ્રી રિચાર્ડ બ્રેન્સનએ તેમના 6 કર્મચારીઓ સાથે વર્જિન ગેલેક્ટિક રોકેટ વિમાન પર ઉડાન ભરી હતી. જેમાં ભારતીય મૂળની ____ મહિલા પણ હતી.

(A) સુશ્રી સિરિશા બાંદલા (B) સુશ્રી નીતિશા બાંદલા

(C) સુશ્રી મોનિકા બાંદલા (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

5. વર્જિન ગેલેક્ટિક સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. વર્જિન ગેલેક્ટિક યુ.એસમાં કાર્યરત બ્રિટિશ–અમેરિકન સ્પેસ ફ્લાઈટ કંપની છે.

2. તેની સ્થાપના રિચાર્ડ બ્રેન્સન દ્વારા કરવામાં આવી હતી.

3. તે એક વિકાસશીલ વ્યાપારી અવકાશયાન છે જેનો મુખ્ય ઉદ્દેશ અંતરિક્ષ પર્યટકોને ઉપકક્ષીય અંતરિક્ષ ઉડાન પ્રદાન કરવાનો છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) 1, 2 અને 3 (D) ફક્ત 2 અને 3 **(C)**

6. 2021 ના વિશ્વ વસતી દિવસ નિમિત્તે કયા રાજ્યએ તેમની નવી વસતી નિયંત્રણ નીતિ જાહેર કરી છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ત્રીપુરા (C) મેઘાલય (D) મહારાષ્ટ્ર **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 12 જુલાઈ, મલાલા દિવસ (Malala Day)

## યૂરોકપ- 2020 : ઈટાલી ચેમ્પિયન




યૂરો કપ– 2020 ની ફાઈનલ મેચમાં પેનલ્ટી શૂટઆઉટમાં ઈંગ્લેન્ડને 3-2 થી પરાજય આપીને ઈટાલીએ આ વર્લ્ડ કપ જીતી લીધો છે.

- ફાઈનલ મેચમાં નિર્ધારિત સમયમાં બંને ટીમોએ 1-1ના સ્કોરથી સરભર રહી હતી.
- ત્યારબાદ ઈટાલીએ પેનલ્ટી શૂટઆઉટમાં ઈંગ્લેન્ડને 3-2 થી હરાવ્યું હતું. એટલે કે પેનલ્ટી શૂટઆટમાં ઈંગ્લેન્ડ તરફથી 2 અને ઈટાલી તરફથી 3 ગોલ નોંધાયા હતા.
- યૂરો વર્લ્ડ કપમાં ઈટાલી બીજી વખત ચેમ્પિયન બન્યું છે. આ અગાઉ વર્ષ 1968માં વિજેતા થયું હતું.

### સેમી ફાઈનલ

આ યૂરો વર્લ્ડ સેમી ફાઈનલમાં નીચેની ચાર ટીમોએ પ્રવેશ કર્યો હતો.

- (1) ઈટાલી (2) સ્પેન (3) ઈંગ્લેન્ડ (4) ડેનમાર્ક
- જેમા ઈટાલીએ સ્પેનને હરાવીને અને ઈંગ્લેન્ડે ડેનમાર્કને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો.

### યૂરો વર્લ્ડકપનું આયોજન

આ યૂરો વર્લ્ડ કપ 2020 નું આયોજન 11 જૂન થી 11 જુલાઈ 2021 દરમિયાન થયું હતું.

- આ વર્લ્ડકપ 2020માં યોજાવાનો હતો પરંતુ કોરોના મહામારીને કારણે 1 વર્ષ મુલતવી રાખવામાં આવ્યો હતો.
- આ વર્લ્ડકપનું આયોજન 11 દેશના 11 શહેરમાં કરવામાં આવ્યું હતું.
- આ 11 શહેરમાં એમ્સ્ટરડેમ (નેધરલેન્ડ), બાકુ (અઝરબૈઝાન), બુખારેસ્ટ (રોમાનિયા), બુડાપોસ્ટ (હંગેરી), કોપન હેગન (ડેનમાર્ક), ગ્લાસગો (સ્કોટલેન્ડ), લંડન (ઈંગ્લેન્ડ), મ્યુનિક (જર્મની), રોમ (ઈટાલી), સેન્ટ પીટસબર્ગ (રશિયા) અને સવિઆ (સ્પેન)નો સમાવેશ થાય છે.
- આ યૂરો વર્લ્ડકપમાં કુલ 24 ટીમોએ ભાગ લીધો હતો.
- આ વર્લ્ડકપની ફાઈનલ મેચ 11 જુલાઈ 2021ના રોજ ઈંગ્લેન્ડના લંડન ખાતે વેમ્બલી સ્ટેડિયમમાં યોજાઈ હતી.

### સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી

| ક્રમ | નામ | દેશ | ગોલ |
|---|---|---|---|
| 1 | શ્રી ક્રિસ્ટયાનો રોનાલ્ડો | પોર્ટુગલ | 5 (4 મેચ) |
| 2 | શ્રી પેટ્રિક શીક | ચેક રિપબ્લિક | 5 (5 મેચ) |
| 3 | શ્રી કરીમ બેન્ઝેમા | ફ્રાન્સ | 4 (4 મેચ) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યૂરો વર્લ્ડકપ 2020 એવોર્ડ

| ક્રમ | એવોર્ડ | વિજેતા | દેશ |
|---|---|---|---|
| 1 | ગોલ્ડન શૂઝ | શ્રી ક્રિસ્ટયાનો રોનાલ્ડો | પોર્ટુગલ |
| 2 | સિલ્વર શૂઝ | શ્રી પેટ્રિક શીક | ચેક રિપબ્લિક |
| 3 | બ્રોન્ઝ શૂઝ | શ્રી કરીમ બેન્ઝેમા | ફ્રાન્સ |
| 4 | યંગેસ્ટ પ્લેયર ઓફ યૂરો કપ | શ્રી પેડ્રી લોપેઝ | સ્પેન |
| 5 | પ્લેયર ઓફ ધ ફાઈનલ | શ્રી લિયોનાર્ડો બોનુચી | ઈટાલી |
| 6 | પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ | શ્રી જિયાન લુઈઝી (ગોલકીપર) | ઈટાલી |

## યૂરો વર્લ્ડકપ 2020 વિશે કેટલીક અગત્યની માહિતી

વર્ષ 2016માં પોર્ટુગલે ફ્રાન્સને હરાવી યૂરો વર્લ્ડકપ જીત્યો હતો.

- ઈટાલીના ફૂટબોલ ટીમના કેપ્ટનનું નામ શ્રી જિયોર્જિયો ચિએલિની છે.
- ફાઈનલ મેચમાં થયેલ પેનલ્ટી શૂટઆઉટને 3.1 કરોડ બ્રિટિશરોએ ટીવી પર લાઈવ નિહાળ્યો હતો. બ્રિટનમાં આ આકડો ઓલટાઈમ હાઈએસ્ટ વ્યૂઅરશિપમાં ત્રીજા ક્રમે છે.
- યૂરો વર્લ્ડકપ 2020 વિજેતા ટીમ ઈટાલીને 10 મિલિયન યૂરો એટલે કે લગભગ 88 કરોડનું ઈનામ આપવામાં આવ્યું છે.
- જ્યારે રનર્સ–અપ બનેલી ટીમને સાત મિલિયન યૂરો એટલે કે 62 કરોડનું ઈનામ મળ્યું હતું.
- ઈટાલીના શ્રી લિયોનોર્ડ બનુચીએ ફાઈનલમાં ઈતિહાસ રચ્યો હતો. તે યૂરો કપની ફાઈનલમાં ગોલ કરનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બન્યા છે.
- યૂરો કપના ઈતિહાસમાં બીજી વખત ટૂર્નામેન્ટના વિજેતાનું પરિણામ પેનલ્ટી શૂટઆઉટથી આવ્યું છે. આ પહેલા વર્ષ 1976માં પેનલ્ટી શૂટઆઉટ કરવામાં આવ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યૂરો (EURO)

યૂરો ને UEFA European Football Championship તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે 'યૂરોપિયન ફૂટબોલ ફેડરેશન ગ્રુપ'ના સભ્ય દેશો વચ્ચે યોજાતી ફૂટબોલ ટૂર્નામેન્ટ છે.
- 'ફિફા વર્લ્ડકપ' પછી 'યૂરો કપ' વિશ્વની બીજી સૌથી મહત્વપૂર્ણ ફૂટબોલ ટૂર્નામેન્ટ તરીકે જાણીતી છે.
- દર ચાર વર્ષે તેમનું આયોજન કરવામાં આવે છે.
- અત્યાર સુધી આ ટૂર્નામેન્ટમાં સૌથી વધુ વિજેતા સ્પેન અને જર્મનીની ટીમ છે. આ બંને ટીમએ 3-3 વખત યૂરો કપ જીત્યો છે.
- વર્ષ 2016માં આ ટૂર્નામેન્ટ પોર્ટુગલે જીતી હતી.
- યૂરોપિયન ચેમ્પિયનશિપ (યૂરો કપ) નું આયોજન પ્રથમ વખત વર્ષ 1960 માં કરવામાં આવ્યું હતું.

## ભગવાન શ્રી જગન્નાથજીની 144મી રથયાત્રા



12 જુલાઈ, 2021ને અષાઢ સુદ બિજના રોજ ગુજરાતમાં અમદાવાદના પ્રસિધ્ધ જગન્નાથ મંદિરેથી ભગવાન શ્રી જગન્નાથ, ભાઈ શ્રી બલભદ્ર અને બહેન સુભદ્રાજીની 144મી રથયાત્રા નીકળી હતી.

- ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'પહિંદ વિધિ' (સોનાની સાવરણીથી ભગવાનના રથને સાફ કરવાની વિધિ) કરીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સતત પાંચમી વખત 'પહિંદ વિધિ' કરીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.
- ભગવાન શ્રી જગન્નાથની યાત્રા ભક્તો વગર જ નીકળતા ઐતિહાસિક બની હતી.
- સામાન્ય રીતે લગભગ 14 કલાક સુધી ચાલતી રથયાત્રા માત્ર 4 કલાકમાં સંપન્ન કરાઈ હતી.
- આ ઉપરાંત કોરોના મહામારીના કારણે આ વખતની રથયાત્રામાં ભજનમંડળી, હાથી કે અખાડાનો પણ સમાવેશ કરાયો નહોતો. નોંધનીય છે કે રાજ્ય સરકારે રથયાત્રા રૂટ પર કર્ફ્યૂ લગાવી રથયાત્રા યોજવાની મંજૂરી આપી હતી.
- કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે વહેલી સવારે ભગવાન શ્રી જગન્નાથજીની મંગળા આરતી કરી હતી.
- વર્ષ 2020માં કોરોના મહામારીના કારણે હાઈકોર્ટના આદેશને પગલે ભગવાન જગન્નાથજીની 143મી રથયાત્રાને મંદિર પરિસરની બહાર નીકળવાની પરવાનગી આપવામાં આવી ન હતી.
- આથી, વર્ષ 2020માં રથયાત્રા માત્ર મંદિર પરિસરમાં જ યોજાઈ હતી.

નોંધ : અષાઢ સુદ બીજના રોજ અમદાવાદ ખાતે યોજાતી રથયાત્રા ઓડિશાના પૂરી અને પશ્ચિમ બંગાળના કોલકતા ખાતે યોજાતી રથયાત્રા બાદ વિશ્વની સૌથી મહત્ત્વની અને સૌથી મોટી રથયાત્રા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### પૂરીની રથયાત્રા બીજી વખત ભક્તો વિના યોજાઈ

12 જૂન, 2021ને અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા ભક્તો વિના જ યોજાઈ હતી. વર્ષ 2020માં પણ ભક્તો વિના જ રથયાત્રા યોજાઈ હતી.

- આથી, ઓડિશાના પૂરીમાં અત્યાર સુધીના લગભગ 284 વર્ષના ઈતિહાસમાં આ વર્ષે બીજી વખત ભક્તો વિના જ આ રથયાત્રા યોજવામાં આવી હતી.

### પૂરીની 9 દિવસીય રથયાત્રા

ભારતમાં ઓડિશાના પૂરી ખાતે દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ભગવાન શ્રી જગન્નાથની 9 દિવસીય રથયાત્રાનો પ્રારંભ થાય છે.

- આ રથયાત્રા પૂરીના પ્રસિધ્ધ જગન્નાથ મંદિરથી 3 કિ.મી. દૂર આવેલા ગુંડિચા મંદિર સુધી યોજાઈ છે. ત્યારબાદ ભગવાન શ્રી જગન્નાથજી તેમના મોટા ભાઈ શ્રી બલભદ્ર અને નાની બહેન સુભદ્રાજી 9 દિવસ સુધી ગુંડિચા મંદિરમાં રોકાય છે.
- ગુંડિચા મંદિર ભગવાન જગન્નાથના માસીનું ઘર હોવાનું મનાય છે. જ્યાં 9 દિવસ રહ્યા બાદ ભગવાન નિજ મંદિરે પરત ફરે છે.

## પૂરીની રથયાત્રાની વિશેષતા

(1) ઓડિશાના પૂરી ખાતે યોજાતી રથયાત્રા ભારત અને વિશ્વની સૌથી જૂની રથયાત્રા છે. તેનું વર્ણન 'બ્રહ્મ પુરાણ', 'પદ્મ પુરાણ' અને 'સ્કંદ પુરાણ' તથા 'કપિલ સંહિતા'માં પણ જોવા મળે છે.

(2) પૂરી ખાતે યોજાતી આ રથયાત્રા વિશ્વની સૌથી મોટી રથયાત્રા છે. આ રથયાત્રામાં સૌથી વધુ લોકો ભાગ લે છે.

(3) એવી માન્યતા છે કે, બહેન સુભદ્રાજીની દ્વારકા ભ્રમણની ઈચ્છા પૂરી કરવા માટે ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના મોટાભાઈ શ્રી બલરામે અલગ–અલગ રથોમાં બેસીને બહેન સુભદ્રાજીને રથયાત્રા કરાવી હતી. આથી, માતા સુભદ્રજીની નગર ભ્રમણની સ્મૃતિમાં આ રથયાત્રા પૂરીમાં દર વર્ષે યોજાય છે.

નોંધ : (1) ઓડિશામાં આવેલું પૂરી જગન્નાથપૂરી, પૂરષોત્તમ પૂરી, શંખ ક્ષેત્ર અથવા તો શ્રીક્ષેત્રના નામથી પણ ઓળખવામાં આવે છે.

(2) પૂરી એ હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ પૈકીનું એક ધામ છે.

## હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ

| ક્રમ | ધામ | સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જગન્નાથ મંદિર | પૂરી | ઓડિશા |
| 2 | શ્રી રામેશ્વરમ્ મંદિર | રામેશ્વરમ્ | તમિલનાડુ |
| 3 | શ્રી દ્વારિકાધીશ મંદિર | દ્વારકા | ગુજરાત |
| 4 | શ્રી બદ્રિનાથ મંદિર | બદ્રિનાથ | ઉત્તરાખંડ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વની સૌથી જૂની રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | શ્રી રામપુર, પશ્ચિમ બંગાળ |

નોંધ : પશ્ચિમ બંગાળના શ્રીરામપુર નામના શહેરના 'મહેશ' નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા વિશ્વના બીજા નંબરની સૌથી જૂની રથયાત્રા છે.

## વિશ્વની સૌથી મોટી રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | કોલકાત્તા, પશ્ચિમ બંગાળ |
| 3 | અમદાવાદ, ગુજરાત |

નોંધ : (1) વિશ્વના આશરે 108 શહેરોમાં રથયાત્રા યોજાય છે.

(2) બાંગ્લાદેશના ધર્મરાજ ખાતે યોજાતી ધર્મરાજ જગન્નાથ રથયાત્રા બાંગ્લાદેશની સૌથી વધુ પ્રસિધ્ધ રથયાત્રા છે.

## વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2021

તાજેતરમાં 28 જૂન થી 11 જુલાઈ 2021 દરમિયાન ઈંગ્લેન્ડના વિમ્બલ્ડન ખાતે 134મી વિમ્બલ્ડન ચેમ્પિયનશિપનું આયોજન થયું હતું.

- નોંધનીય છે કે વર્ષ 2020 માં કોરોના મહામારીના કારણે આ ટૂર્નામેન્ટ રદ કરવામાં આવી હતી.
- વિમ્બલ્ડન એ વિશ્વની સૌથી જૂની અને સૌથી વધુ પ્રતિષ્ઠિત ટેનિસ ટૂર્નામેન્ટ છે.
- ઈ.સ. 1877 થી ઈંગ્લેનડના લંડનના વિમ્બલ્ડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ (અથવા તો ઓલ ઈંગ્લેન્ડ લોન ટેનિસ એન્ડ ક્રોકવેટ ક્લબ) ખાતે આ ટૂર્નામેન્ટ યોજાય છે.
- આ ટૂર્નામેન્ટ ગ્રાસ કોર્ટ (ઘાસના મેદાન) પર રમાય છે.

### વિમ્બલ્ડન 2021 વિજેતા

વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2021માં ઈટાલીના શ્રી મેટ્ટીઓ બેરેટ્ટીનીને પરાજય આપીને સાર્બિયાના શ્રી નોવાક જોકોવિચે (Novak Djkovic) 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.

- શ્રી નોવાક જોકોવિચની કારકિર્દીનું આ 20મું ગ્રાન્ડસ્લેમ અને છઠ્ઠુ વિમ્બલ્ડન ટાઈટલ હતું.
- જ્યારે 'વિમેન્સ સિંગલ્સ' સ્પર્ધામાં ઓસ્ટ્રોલિયાના સુશ્રી એશલે બાર્ટી (Ashleigh Barty) એ ચેક રિપબ્લિકના સુશ્રી કોરોલિના પિલ્સિકોવાને પરાજય આપીને વિમ્બલ્ડન ટાઈટલ પ્રથમ વખત જીતી લીધું છે.

### વિમ્બલ્ડન 2021 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક જોકોવિચ (સર્બિયા) | શ્રી મેટ્ટીઓ બેરેટ્ટીની (ઈટલી) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી અશલે બાર્ટી (ઓસ્ટ્રેલિયા) | સુશ્રી કોરોલિના પિલ્સિકોવા (ચેક રિપબ્લિક) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી મેટ પાવિચ (ક્રોએશિયા) | શ્રી માર્સલ ગ્રેનોલર્સ (સ્પેન) |
| | | શ્રી નિકોલા મેકટિક (ક્રોએશિયા) | શ્રી હોરાસિયો ઝેબાલોસ (આર્જેન્ટિના) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી હિસેહ સુ–વાઈ (ચાઈનીઝ તાઈપેઈ) | સુશ્રી એલેના વેસ્નીના (રશિયા) |
| | | સુશ્રી એલિસ મર્ટેન્સ (બેલ્જિયમ) | સુશ્રી વેરોનિકા કુડર મેટોવા (રશિયા) |
| 5 | મિક્સ ડબલ્સ | શ્રી નીલ સ્કૂપ્સકી (યુનાઈટેડ કિંગ્ડમ) | શ્રી જોઈ સેલિસબરી (યુનાઈટેડ કિંગ્ડમ) |
| | | સુશ્રી દેસિરા ક્રાવઝિક (યુનાઈટેડ સ્ટેટસ) | સુશ્રી હેરિએટ ડાર્ટ (યુનાઈટેડ કિંગ્ડમ) |

### ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ

ટેનિસ રમતની ચાર સૌથી મોટી ટૂર્નામેન્ટમાં (1) ઓસ્ટ્રલિયન ઓપન, (2) ફ્રેન્ચ ઓપન, (3) વિમ્બલ્ડન અને (4) યુ એસ ઓપનનો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ ચારેય સૌથી મોટી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટમાં ઉપરોક્ત ચાર ટૂર્નામેન્ટનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટૂર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | કયા યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/ જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/ જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યૂયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- ફ્રેન્ચ ઓપન કલે કોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ છે.
- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટૂર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટૂર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.



## MONDAY Questions

1. 'મલાલા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જુલાઈ (B) 13 જુલાઈ (C) 14 જુલાઈ (D) 15 જુલાઈ — (A)

2. તાજેતરમાં યોજાયેલ 'યૂરોકપ 2020' માં કઈ ટીમ વિજેતા બની છે ?

(A) ઈંગ્લેન્ડ (B) ઇટાલી (C) જર્મની (D) રશિયા — (B)

3. તાજેતરમાં યોજાયેલ 'યૂરો વર્લ્ડકપ 2020'માં ગોલ્ડન શૂઝ એવોર્ડ કોને એનાયત થયો છે ?

(A) શ્રી પેડ્રી લોપેઝ (B) શ્રી કરીમ બેન્ઝેમા
(C) શ્રી પેટ્રિક શીક (D) શ્રી ક્રિસ્ટયાનો રોનાલ્ડો — (D)

4. 12 જૂન, 2021ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલામી રથયાત્રા યોજાઈ હતી ?

(A) 142 (B) 143 (C) 144 (D) 145 — (C)

5. ગુજરાતના અમદાવાદ ખાતે અમદાવાદના પ્રસિધ્ધ જગન્નાથ મંદિરેથી દર વર્ષે કયા દિવસે રથયાત્રા નિકળે છે ?

(A) અખાત્રિજ (B) અષાઢ વદ ત્રીજ (C) અષાઢ વદ બીજ (D) અષાઢ સુદ બીજ — (D)

6. દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલા દિવસીય રથયાત્રા નિકળે છે ?

(A) એક (B) પાંચ (C) સાત (D) નવ — (D)

7. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2021માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી રાફેલ નડાલ
(C) શ્રી નોવાક જોકોવિચ (D) શ્રી મેટ્ટીઓ બેરેટ્ટીની — (C)

8. વિમ્બલ્ડન– 2021માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર શ્રી નોવાક જોકોવિચના દેશનું નામ શું છે ?

(A) સર્બિયા (B) જર્મની (C) સ્પેન (D) સ્વિત્ઝર્લેન્ડ — (A)

9. વિમ્બલ્ડન ચેમ્પિનશિપ 2021માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી સેરેના વિલિયમ્સ (B) સુશ્રી સિમોના હાલેપ
(C) સુશ્રી અશલે બાર્ટી (D) સુશ્રી એલિસ મર્ટેન્સ — (C)

10. વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ 2021માં 'વિમેન્સ સિંગલ્સ'નું ટાઈટલ જીતનાર સુશ્રી અશલે બાર્ટીના દેશનું નામ શું છે ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ચેક રિપબ્લિક (C) રશિયા (D) બેલ્જિયમ — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડન



તાજેતરમાં ઉત્તરાખંડના દહેરાદૂનના ચકરાતા શહેરમાં ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડન (Cryptogamic Garden)નું ઉદ્દઘાટન કર્યુ હતું.

- આ ગાર્ડનમાં લાઈકેન, ફર્ન અને ફૂગની 50 પ્રજાતિ દેખાશે. જેને સામૂહિક રૂપે ક્રિપ્ટોગેમિક તરીકે ઓળખવામાં આવે છે.
- નોંધનીય છે કે છોડ સમુદાયને બે પેટા સમુદાયોમાં વહેંચી શકાય છે. એક ક્રિપ્ટોગેમ્સ અને બીજુ ફેનરોગેમ
- ક્રિપ્ટોગેમ્સમાં બીજ વિનાના છોડ અને છોડ જેવા જીવોનો સમાવેશ થાય છે. જ્યારે ફેનરોગેમમાં બીજ વિનાના છોડ હોય છે.
- આ પાર્ક ચકરાતા શહેરના દેવબનમાં 9000 ફૂટની ઊંચાઈ પર સ્થિત છે.
- આ વિસ્તાર તેની નીચી પ્રદૂષણ સ્તર અને ભેજવાળી આબોહવાની સ્થિતિને કારણે પંસદ કરવામાં આવ્યો છે. જે આ જાતિના વિકાસ માટે અનુકૂળ છે.
- આ ઉપરાંત દેવબનમાં દેવદાર અને ઓકના પ્રાચીન ગાઢ જંગલો છે. જે ક્રિપ્ટોગેમિક પ્રજાતિઓ માટે પ્રાકૃતિક આવાસ છે.

### ક્રિપ્ટોગેમ (Cryptogams)

ક્રિપ્ટોગેમ એક છોડ છે. જે બીજાણુઓ અથવા બીજકરણ દ્વારા પ્રજનન કરે છે.

- ક્રિપ્ટોગેમ શબ્દનો અર્થ થાય છે. 'અદ્રશ્ય પ્રજનન' એટલે કે તેઓ કોઈપણ પ્રજનન રચનાઓ, બીજ અથવા ફૂલો ઉત્પન્ન કરતા નથી.
- તેથી જ તેઓને 'ફ્લાવરલેસ' (ફૂલ રહિત) અથવા 'સીડલેસ છોડ' (બીજ રહીત છોડ), અથવા 'લોઅર પ્લાન્ટ' (નીચલા છોડ) તરીકે ઓળખવામાં આવે છે.
- આ પ્રજાતિઓને અનૂકૂલ માટે ભેજવાળા વાતાવરણની જરૂર પડે છે.
- તેઓ જલીય અને સ્થળીય એમ બંને વિસ્તારોમાં જોવા મળે છે.
- શેવાળ, લિકેન, ફર્ન એ ક્રિપ્ટોગેમના જાણિતા પ્રકાર છે.

## આકાશીય વીજળી સંબંધિત ઘટનાઓ

તાજેતરમાં દેશના જુદા–જુદા ભાગોમાં વીજળી પડવાની અલગ–અલગ ઘટનાઓમાં ત્રીસથી વધુ લોકોના મૃત્યું નિપજ્યા હતા.

- કુદરતી કારણોથી થનાર આકસ્મિક મૃત્યુમાં આકાશીય વીજળી સૌથી મોટું કારણ છે.

### આકાશીય વીજળી શું છે ?

વીજળીએ વાતાવરણમાં વિદ્યુતનો ઝડપી અને વ્યાપક સ્ત્રાવ છે. તેનો એક ભાગ પૃથ્વી તરફ નિર્દેશિત છે.

- તે વાદળના ઉપલા અને નીચલા ભાગની વચ્ચે કુદરતી રીતે ટૂંકા ગાળાના વિદ્યુત સ્ત્રાવ અને ઉચ્ચ ચાર્જની પ્રક્રિયાનું પરિણામ છે.
- ઈન્ટર કલઉડ અથવા ઈન્ટ્રા કલાઉડ (Intra-Cloud) વીજળી દશ્યમાન અને હાનિકારક હોય છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- વીજળી ઉત્પન્ન કરનાર વાદળો સામાન્ય રીતે લગભગ 10 થી 12 કિ.મી ઉંચાઈ પર સ્થિત છે.
- આ વાદળોની ટોચ પરનું તાપમાન $-35^0$ સે થી $-45^0$ સે સુધીનું હોય છે. જેમ જેમ આ વાદળોમાં પાણીની વરાળ ઊંચી જાય છે. તેમ તેમ તાપમાનમાં ઘટાડો થવાનો કારણે તે ઘટ્ટ થાય છે.
- આ પ્રક્રિયામાં મોટી માત્રામાં ગરમી ઉત્પન્ન થાય છે. જેના કારણે પાણીના અણુઓ વધુ ઉપરની તરફ ગતી કરે છે.
- પાણીના ટીપા શુન્યથી નીચા તાપમાનની તરફ જતાની સાથે નાના બરફના સ્ફટિકોમાં ફેરવાય છે.
- આ પાણીના કણોની ઉપરની ગતિ ચાલુ રહે છે, જેના કારણે તેમનો સમૂહ પણ વધે છે. અંતે તેઓ ભારે બને છે અને પૃથ્વી તરફ પડવાનું શરૂ કરે છે.
- આ રીતે એક પ્રક્રિયાનું નિર્માણ થાય છે, જેમાં નાના બરફ સ્ફટિકો ઉપરની તરફ અને નાના સ્ફટિકો નીચેની તરફ જાય છે.
- આ પ્રક્રિયાના પરિણામે આ કણો ટકરાતા હોય છે અને ઈલેક્ટ્રોન મુક્ત કરે છે. આ પ્રક્રિયા વિદ્યુત સ્પાર્કની જેમ જ કાર્ય કરે છે. ગતિમાન મુક્ત ઈલેક્ટ્રોનોમાં એક બીજા સાથે વધુ ટકરાવ થાય છે અને નવા ઈલેક્ટ્રોનનું નિર્માણ થાય છે. આમ એક સાંકળ પ્રતિક્રિયા શરૂ થાય છે.
- આ પ્રક્રિયાના પરિણામે એવી સ્થિતિ થાય છે કે જેમાં વાદળનું સ્તર સકારાત્મક રીતે ચાર્જ થઈ જાય છે, જ્યારે મધ્યમ સ્તર નકારાત્મક રીતે ચાર્જ થઈ જાય છે.
- ટૂકાં સમયમાં બે સ્તરો વચ્ચે એક વિશાળ વિદ્યુત પ્રવાહ (લાખો એમ્પિયર) વહેવાનું શરૂ થાય છે. જે ગરમી ઉત્પન્ન કરે છે જેના કારણે વાદળોના બંને સ્તરો વચ્ચે હવા ગરમ થાય છે.
- આ ગરમીના કારણે વીજળી દરમિયાન બંને સ્તરો વચ્ચે હવાનું બ્લુપ્રિન્ટ લાલ દેખાય છે. ગરમ હવા મેઘ ગર્જના અવાજમાં પરિણામે છે અને આંચકો ઉત્પન્ન કરે છે.

### વીજળી કેવી રીતે પૃથ્વી પર પ્રહાર કરે છે ?

પૃથ્વી એ વીજળીનો સારો વાહક છે. વિદ્યુત રૂપથી તટસ્થ હોવાથી તે વાદળના મધ્ય સ્તરની તુલનામાં સકારાત્મક રૂપે ચાર્જ કરવામાં આવે છે.

- પરિણામે લગભગ 15 થી 20% ઈલેક્ટ્રિક પ્રવાહ પૃથ્વી તરફ નિર્દેશિત થાય છે.
- આ ઈલેક્ટ્રિક કરંટ જીવન અને સંપત્તિને નુકસાન પહોંચાડે છે.
- લાઈટનિંગ કંડકટર એ એક ઉપકરણ છે જેનો ઉપયોગ મકાનને વીજળીના પ્રભાવથી સુરક્ષિત કરવા માટે થાય છે.

## કોપા અમેરિકા કપમાં આર્જેન્ટિના ચેમ્પિયન

કોપા અમેરિકા કપ 2021નું આયોજન 13 જૂન થી 10 જુલાઈ 2021 દરમિયાન બ્રાઝિલ ખાતે કરવામાં આવ્યું હતું.

- કોપા અમેરિકા–2021ની ફાઈનલ મેચ બ્રાઝિલ અને અર્જેન્ટિના વચ્ચે યોજાય હતી.
- આ ફાઈનલ મેચમાં બ્રાઝિલને 1-0થી પરાજય આપી આર્જેન્ટિના ચેમ્પિયન બન્યું છે.
- નોંધનીય છે કે આર્જેન્ટિનાની ટીમે વર્ષ 1993 બાદ કોઈ ઈન્ટરનેશનલ ખીતાબ જીત્યો છે.
- આ ચેમ્પિયન સાથે આર્જેન્ટિનાએ ઓવરઓલ 15મી વખત કોપા અમેરિકા કપનો ખિતાબ જીત્યો છે.

- આર્જેન્ટિનાએ કોપા અમેરિકા કપ 15મી વખત જીતીને ઉરૂગ્વેના રેકોર્ડની બરાબરી કરી છે.
- કોપા અમેરિકા કપ 2021ની ફાઈનલ મેચ બ્રાઝિલના રિયો ડી જાનેરોના મારાકાના સ્ટેડિયમમાં યોજાય હતી.

## એવોર્ડ

કોપા અમેરિકા કપ 2021માં 'શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ' શ્રી લિયોનેલ મેસ્સિને એનાયત થયો હતો.

- ટોપ સ્કોરર (અથવા ગોલ્ડન બુટ)નો એવોર્ડ શ્રી લિયોનલ મેસ્સિ (આર્જેન્ટિના) અને શ્રી લુઈસ ડિયાઝને એનાયત થયો હતો. બંને એ આ ટૂનામેન્ટમાં 4 ગોલ કર્યા હતા.
- શ્રેષ્ઠ ગોલકિપર એવોર્ડ એમિલિઆનો માર્ટોનેઝને એનાયત થયો છે.
- જ્યારે ફેર પ્લે એવોર્ડ બ્રાઝિલને એનાયત થયો છે.

નોંધ : (1) કોપા અમેરિકા આંતરરાષ્ટ્રીય ફૂટબોલ સ્પર્ધા છે. તેની સ્થાપના વર્ષ 1916માં કરવામાં આવી હતી.

(2) જેમાં મુખ્યત્વે દક્ષિણ અમેરિકન ફૂટબોલ ફેડરેશનની રાષ્ટ્રીય ટીમો ભાગ લે છે

(3) વર્ષ 1990 પછી એશિયન અને ઉત્તર અમેરિકાની ટીમો પણ ભાગ લે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ (KVIC) એ 3 દેશોમાં 'ખાદી' ટ્રેડમાર્કની નોંધણી કરાવી

ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (Khadi and Village Industries Commission-KVIC) એ ત્રણ દેશો મેક્સિકો, ભૂટાન અને સંયુક્ત આરબ અમિરાત (યુ એઈ)માં તેના બ્રાન્ડ નામ 'ખાદી' માટે ટ્રેડમાર્ક નોંધણી કરાવી છે.

- KVIC એ 9 જુલાઈના ભૂટાનમાં ટ્રેડમાર્કની નોંધણી મેળવી હતી.
- યુએઈ એ 28 જૂન, 2021ના રોજ ટ્રેડમાર્ક નોંધણીની મંજૂરી આપી હતી.
- આમ KVIC એ પ્રથમ વખત ગલ્ફ દેશમાં સફળતાપૂર્વક ટ્રેડમાર્કની નોંધણી સુરક્ષિત કરી છે.
- તેમને ડિસેમ્બર 2020માં મેક્સિકોમાં 'ખાદી' માટે ટ્રેડમાર્ક નોંધણી મળી હતી.
- ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (KVIC) વર્ષ 1957માં સ્થપાયેલી એક વૈધાનિક સંસ્થા છે.
- તેની સ્થાપના 'ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન એક્ટ, 1956' હેઠળ બીજી પંચવર્ષીય યોજના દરમિયાન કરવામાં આવી હતી.
- તે માઈક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે.

નોંધ : KVIC પાસે ટ્રેડમાર્ક 'ખાદી' અને 'ખાદી ઈન્ડિયા'નો ઉપયોગ કરવાનો વિશેષ અધિકાર છે.

1. તાજેતરમાં ચકરાતા શહેરમાં ભારતના પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) દહેરાદૂન, ઉત્તરાખંડ (B) શિમલા, હિમાચલપ્રદેશ

(C) પટના, બિહાર (D) ભોપાલ, મધ્યપ્રદેશ (A)

2. ઉત્તરાખંડના દહેરાદૂનના ચકરાતા શહેરમાં ભારતનો પ્રથમ ક્રિપ્ટોગેમિક ગાર્ડનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ ક્રિપ્ટોગેમ (Cryptogams) ગાર્ડન સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ક્રિપ્ટોગેમ એક છોડ છે. જે બીજાણુઓ અથવા બીજકરણ દ્વારા પ્રજનન કરે છે.

2. ક્રિપ્ટોગેમ શબ્દનો અર્થ થાય છે 'અદશ્ય પ્રજનન'

3. આ પ્રજાતિઓને અનુકૂલન ભેજવાળા વાતાવરણની જરૂર પડે છે.

4. શેવાળ, લિકેન, ફર્ન એ ક્રિપ્ટોગેમના જાણિતા પ્રકાર છે.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

3. વીજળી ઉત્પન્ન કરતા વાદળો સામાન્ય રીતે લગભગ ____ કિ.મી. ઉંચાઈ પર સ્થિત છે.

(A) 20 થી 30 (B) 25 થી 30 (C) 10 થી 12 (D) 18 થી 22 (C)

4. કોપા અમેરિકા કપ– 2021માં કઈ ફૂટબોલ ટીમ વિજેતા બની છે ?

(A) આર્જેન્ટિના (B) બેલ્જિયમ (C) ઈટાલી (D) બ્રાઝિલ (A)

5. કોપા અમેરિકા કપ– 2021માં કઈ ખેલાડીને શ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ એનાયત થયો છે ?

(A) શ્રી લિયોનલ મેસ્સિ (B) શ્રી લુઈસ ડિયાઝ

(C) શ્રી રોનાલ્ડો (D) શ્રી એમિલિઆનો માર્ટીનેઝ (A)

6. તાજેતરમાં 'ખાદી' અને ગ્રામ ઉદ્યોગ આયોગ' (KVIC) એ કયા દેશમાં 'ખાદી' ટ્રેડમાર્કની નોંધણી કરાવી છે ?

(A) મેક્સિકો (B) ભૂટાન (C) યુ.એ.ઈ (D) ઉપરોક્ત તમામ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જુલાઈ, ફ્રેન્ચ બેસ્ટિલ ડે (French Bastille Day)

ફ્રાન્સ દર વર્ષે 14 જુલાઈને 'ફ્રેન્ચ રાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવણી કરે છે, જેને બેસ્ટિલ ડે તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ફ્રાન્સમાં આ દિવસને ઔપચારિક રીતે 'લા ફેટ નેશનલ' કહેવામાં આવે છે.
- નોંધનીય છે કે 14 જુલાઈ, 1789ના રોજ ફ્રાન્સમાં બેસ્ટિલ (લશ્કરી કિલ્લો અને જેલનો પ્રકાર)ના પતનનું પ્રતિક છે. આ સમયે ક્રોધિત ટોળાએ બેસિટલ પર હુમલો કર્યો હતો અને અહીંથી ફ્રેન્ચ ક્રાંતિની શરૂઆત થઈ હતી.
- બેસ્ટિલને લગભગ વર્ષ 1300ની આસપાસ પેરિસ શહેરના પૂર્વ પ્રવેશદ્વારની સુરક્ષા માટે એક કિલ્લા તરીકે બાંધવામાં આવ્યું હતું.
- પાછળથી 17મી અને 18મી સદી દરમિયાન તેનો ઉપયોગ જેલ તરીકે કરવામાં આવતો હતો.
- 1789ની ફ્રાન્સની ક્રાંતિ માત્ર યુરોપની જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વની મહત્ત્વપૂર્ણ ક્રાંતિના રૂપમાં જોવાય છે.
- સામાજિક સમાનતા, વિશેષાધિકારોનો અંત અને નિરંકુશ સત્તાધીશો સામે વહીવટી સુધારા માટે આ ક્રાંતિ કરવામાં આવી હતી.

## કેબિનેટ સમિતિઓ

મંત્રી પરિષદમાં મોટા પાયે ફેરબદલ કર્યા બાદ તાજેતરમાં વડાપ્રધાનશ્રીએ કેબિનેટ સમિતિઓમાં કેટલા ફેરફાર કર્યા છે.

- જુલાઈ 2021ની સ્થિતિએ કુલ આઠ કેબિનેટ સમિતિઓ છે જે નીચે મુજબ છે :
  (1) મંત્રીમંડળની નિયુક્તિ સમિતિ
  (2) આવાસ સંબંધિ કેબિનેટ સમિતિ
  (3) આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિ
  (4) સંસદિય બાબતો અંગેની કેબિનેટ સમિતિ
  (5) રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિ
  (6) સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ
  (7) રોકાણ અને વિકાસ અંગેની કેબિનેટ સમિતિ
  (8) રોજગાર અને કૌશલ્ય વિકાસ અંગેની કેબિનેટ સમિતિ
- આવાસ સંબંધિ કેબિનેટ સમિતિ અને સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિ સિવાયની તમામ સમિતિઓની અધ્યક્ષતા વડાપ્રધાન કરે છે.

### કેબિનેટ સમિતિઓ

ભારતના બંધારણમાં મંત્રીમંડળ સમિતિ અથવા કેબિનેટ સમિતિઓનો ઉલ્લેખ થયેલ નથી એટલે કે કાયદાના આધીન પ્રસ્થાપિત થાય છે. જે વૈધાનિક સ્વરૂપ ધરાવે છે.

- ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા ટ્રાન્ઝેકશન ઓફ બિઝનેસ રૂલ્સ, 1961 (Government of India Transaction of Business Rules, 1961) હેઠળ આ સમિતિઓની રચના કરવામાં આવે છે. આ નિયમોનો ઉલ્લેખ ભારતના બંધારણના અનુચ્છેદ-77(3)માં કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રધાનમંત્રી દ્વારા સમય અને પરિસ્થિતિની જરૂરિયાતો અનુસાર કેબિનેટ સમિતિઓની રચના કરવામાં આવે છે, તેથી તેમની સંખ્યા અને તેમની રચના સમય–સમય પર બદલાય છે.
- અનુચ્છેદ-77(3)માં જણાવ્યું છે કે ભારત સરકારના વહીવટને વધુ અનુકૂળ બનાવવા માટે અને મંત્રીઓના કામકાજની ફાળવણી માટે <u>રાષ્ટ્રપતિ</u> નિયમો બનાવશે.
- કેબિનેટ સમિતિઓમાં સભ્યોની સંખ્યા 3 થી 8 સુધીની હોય છે. જેમા કેબિનેટ મંત્રી ઉપરાંત અન્ય મંત્રીઓ પણ સામેલ હોય છે.
- આ સમિતિઓના અધ્યક્ષ પ્રધાનમંત્રી હોય છે. પરંતુ કેટલીક વખત ગૃહમંત્રી અને નાણામંત્રી પણ આ સમિતિઓની અધ્યક્ષતા કરે છે.
- કેબિનેટ સમિતિઓ મુખ્યત્વે બે પ્રકારની હોય છે :

  (1) સ્થાયી સમિતિ (Standing Committee)

  (2) તદર્થ સમિતિ (Ad-Hoc Committee)
- સ્થાયી સમિતિ : વહીવટી સ્વરૂપે તે સ્થાયી સમિતિ છે જે નિરંતર ઉદ્દેશ્યોના આધાર પર કાર્ય કરે છે.
- તદર્થ સમિતિ : વિશેષ સમસ્યાઓ સામનો કરવા માટે અમુક સમયે આ સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિનું કાર્ય પૂર્ણ થતા તે વિસ્થાપિત થઈ જશે.

  નોંધ : રાજકીય બાબતો અંગેની સમિતિને <u>‘સુપર કેબિનેટ’</u> તરીકે ઓળખવામાં આવે છે.

## ભૂટાનમાં BHIM-UPI લોન્ચ કરવામાં આવી

તાજેતરમાં <u>ભારતના કેન્દ્રીય નાણાં મંત્રીએ ભૂટાનના નાણાં મંત્રી</u> સાથે મળીને **<u>BHIM-UPI</u>**ને ભૂટાનમાં લોન્ચ કરી છે.

- **<u>NIPL</u>** અને **<u>NPCI</u>**ની આંતરરાષ્ટ્રીય શાખા, ભૂટાનની રોયલ મોનીટરી ઓથોરિટીની ભાગીદારીમાં શરૂ કરવામાં આવી છે.
- ભૂટાન તેમના **<u>QR</u>** (Quick Response) કોડ માટે UPI ધોરણોને અપનાવનાર પ્રથમ દેશ છે.
- BHIM એપ દ્વારા મોબાઈલ આધારિત ચૂકવણી સ્વીકારનારા ભારતના નજીકના પડોશી દેશોમાં પણ તે પ્રથમ દેશ છે.
- તથા વેપારી સ્થળો (Merchant Locations) પર BHIM UPIની મંજૂરી મેળવનાર સિંગાપોર પછીનો બીજો દેશ છે.
- આ સાથે ભૂટાન એકમાત્ર એવો દેશ બનશે કે જે <u>રૂપે કાર્ડ</u> (RuPay Cards) જારી કરનાર અને સ્વીકારવાની સાથે–સાથે BHIM-UPIનો પણ સ્વીકાર કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## BHIM-UPI

BHIM-UPIનું પૂરું નામ **'Bharat Interface for Money-Unified Payments Interface'** છે.

- ભારત ઈન્ટરફેસ ફોર મની (BHIM)ને નેશનલ પેમેન્ટ્સ ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
- તે મોબાઈલ ફોનના માધ્યમથી સલામત અને વિશ્વસનીય કેશલેસ ચુકવણીઓને વધુ ઝડપે સક્ષમ કરવાની એક પહેલ છે.
- ભીમ–યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) સીધી બેંક દ્વારા ઈ–ચુકવણી સુવિધા પર આધારિત છે.
- યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ એ એક ત્વરિત રીઅલ ટાઈમ પેમેન્ટ સિસ્ટમ છે જે વપરાશકર્તાઓને તેમના બેંક ખાતાની વિગતો બીજા પક્ષને જાહેર કર્યા વિના ઘણાં બધા બેંક ખાતાઓમાં રીઅલ–ટાઈમના આધારે નાણાં ટ્રાન્સફર કરવાની મંજૂરી આપે છે.

નોંધ : (1) રુપે એ ભારતમાં પોતાનું પ્રથમ ઘરેલું ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ચુકવણી નેટવર્ક છે.

(2) રુપે (RuPay) નામ રુપી (RuPee) અને પેમેન્ટ (Payment) શબ્દો મળીને બન્યું છે.


(3) આ કાર્ડનો ઉપયોગ સિંગાપોર, ભૂટાન, સંયુક્ત આરબ અમીરાત (UAE), બહેરિન અને સાઉદી અરેબિયાના વ્યવહારો માટે પણ થઈ શકે છે.

## ભારતીય ક્રિકેટર શ્રી યશપાલ શર્માનું નિધન

વર્ષ 1983ના વર્લ્ડ કપ વિજેતા ટીમના ક્રિકેટર શ્રી યશપાલ શર્માનું તાજેતરમાં 66 વર્ષની વયે નિધન થયું છે.

- વર્ષ 1983ના વર્લ્ડ કપમાં 34.28ની સરેરાશથી 240 રન બનાવીને ભારતને વર્લ્ડ કપ જીતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### શ્રી યશપાલ શર્મા



ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ ક્રિકેટર શ્રી યશપાલ શર્માનો જન્મ 11 ઓગસ્ટ, 1954ના રોજ પંજાબના લુધિયાણા ખાતે થયો હતો.

- તેઓ એક સારા બેટ્સમેન ઉપરાંત બોલર પણ હતા.
- શ્રી યશપાલ શર્માએ તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત 13 ઓક્ટોબર, 1978ના રોજ પાકિસ્તાન સામેની વન–ડે મેચથી કરી હતી.
- તેમણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીમાં 37 ટેસ્ટ અને 42 વન–ડે મેચ રમી હતી.
- તેમણે 37 ટેસ્ટ મેચમાં 1,606 રન અને 42 વન–ડે મેચમાં 883 રન બનાવ્યા હતા.
- વર્ષ 1983ના વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે આક્રમક અડધી સદી ફટકારી હતી.
- શ્રી યશપાલ શર્માએ ઉત્તરપ્રદેશ રણજી ટીમના કોચ તરીકે પણ સેવા આપી હતી.
- વર્ષ 2000માં તેમના માનમાં BCCI દ્વારા એક દિવસીય/નાઈટ બેનિફિટ ક્રિકેટ મેચ યોજવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'ફ્રેન્ચ બેસ્ટિલ ડે' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 14 જુલાઈ (B) 15 જુલાઈ (C) 16 જુલાઈ (D) 17 જુલાઈ **(A)**

2. વર્તમાનમાં કેટલી કેબિનેટ સમિતિ અસ્તિત્વમાં છે ?

(A) 6 (B) 8 (C) 10 (D) 12 **(B)**

3. નીચેના પૈકી કઈ કેબિનેટ સમિતિને 'સુપર કેબિનેટ' તરીકે ઓળખવામાં આવે છે ?

(A) આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિને (B) સંસદીય બાબતો અંગેની કેબિનેટ સમિતિને

(C) સુરક્ષા બાબતો અંગેની કેબિનેટ સમિતિને (D) રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિને **(D)**

4. તાજેતરમાં ભારતના કેન્દ્રીય નાણામંત્રીએ કયા દેશના નાણામંત્રી સાથે મળીને તેમના દેશમાં BHIM-UPI લોન્ચ કરી છે ?

(A) મ્યાનમાર (B) અફઘાનિસ્તાન (C) ભૂટાન (D) ઈટાલી **(C)**

5. BHIM-UPI સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. BHIM-UPIમાં 'BHIM'નું પૂરું નામ 'Bharat Interface For Money' છે.
2. BHIM-UPIમાં 'UPI'નું પૂરું નામ 'Unified Payments Interface' છે.
3. ભારત ઈન્ટરફેસ ફોર મની (BHIM)ને નેશનલ પેમેન્ટ્સ ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
4. તાજેતરમાં ભારત સરકારે ફિલિપાઈન્સમાં BHIM-UPIને લોન્ચ કર્યું છે.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 1 અને 2 **(B)**

6. વર્ષ 1983ના વર્લ્ડ કપ વિજેતા ટીમના ખેલાડી શ્રી યશપાલ શર્માનું તાજેતરમાં નિધન થયું છે. તેમનો જન્મ કયા થયો હતો ?

(A) લુધિયાણા, પંજાબ (B) પટના, બિહાર (C) લખનૌ, ઉત્તરપ્રદેશ (D) બેંગ્લુરુ, કર્ણાટક **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 15 જુલાઈ, વિશ્વ યુવા કૌશલ દિવસ (World Youth Skills Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 15 જુલાઈના રોજ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રોજગારી અપાવવા સ્કિલ ડેવલપમેન્ટ (કૌશલ નિર્માણ) પર ફોકસ કરવાનો છે.
- કોઈપણ જોબ મેળવવા માટે **Skill** સૌથી અગત્યની બાબત છે. આથી, આ દિવસે સ્કિલ ડેવલપમેન્ટ અંગે જાગૃતિ ફેલાવવામાં આવે છે.
- સંયુક્ત રાષ્ટ્રની સામાન્યસભા દ્વારા **18 ડિસેમ્બર, 2014**ના રોજ આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 15 જુલાઈ, 2015થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2021ની 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની થીમ **'Reimagining Youth Skills Post-Pandamic'** છે.

### સ્કિલ ઈન્ડિયા મિશન

**15 જુલાઈ, 2015**ને પ્રથમ 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતમાં 'સ્કિલ ઈન્ડિયા મિશન' (Skill India Mission) લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ મિશનને 'નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ મિશન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ મિશન અંતર્ગત વર્ષ 2022 સુધીમાં ભારતમાં 40 કરોડથી વધુ યુવાઓ અથવા તો નાગરિકોને જુદી–જુદી સ્કિલની તાલીમ આપવાની સરકારની યોજના છે.

નોંધ : (1) 15 જુલાઈ, 2021ને 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના યુવાઓને સંબોધન કર્યું હતું.

(2) સ્કિલ ઈન્ડિયા મિશનના 15 જુલાઈ, 2021ના રોજ 6 વર્ષ પુરા થયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કેબિનેટે રાષ્ટ્રીય આયુષ મિશનને ચાલુ રાખવાની મંજૂરી આપી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય કેબિનેટે 'રાષ્ટ્રીય આયુષ મિશન' (NAM)ને કેન્દ્રીય પ્રાયોજિત યોજના તરીકે **વર્ષ 2026** સુધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે.

- NAM એ કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે જેને **1-4-2021**થી વધારીને **31-3-2026** સુધી કરવામાં આવી છે.
- આ પ્રોજેક્ટનો કુલખર્ચ **4603** કરોડ રૂપિયા છે. જેમાંથી **3000** કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર અને બાકીનો ખર્ચ રાજ્ય સરકારો કરશે.
- નોંધનીય છે કે તાજેતરમાં આયુષ મંત્રાલયને લગતા પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યા હતા.

### રાષ્ટ્રીય આયુષ મિશનના ઘટકો

(1) ફરિજયાત ઘટકો :

- આયુષ સેવાઓ
- આયુષ શૈક્ષણિક સંસ્થા
- આયુર્વેદ, સિદ્ધ અને યુનાની તથા હોમિયોપેથીની ગુણવત્તાનું નિયંત્રણ
- ઔષધિય છોડ

(2) લવચીક ઘટકો અથવા પરિવર્તનક્ષમ ઘટકો :

- યોગ અને પ્રાકૃતિક ઉપચાર સાથે આયુષ આરોગ્ય કેન્દ્ર
- ટેલી મેડિસન
- જાહેર ખાનગી ભાગીદારી સહિત આયુષમાં નવીનતાઓ
- માહિતી, શિક્ષણ અને સંદેશા વ્યવહાર પ્રવૃત્તિઓ
- સ્વૈચ્છિક પ્રમાણન યોજના : પ્રોજેક્ટ આધારિત

નોંધ : આ મિશન સુવિધાયુક્ત આયુષ શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યામાં વધારો કરીને આયુષ શિક્ષણમાં પણ સુધારો કરી રહયું છે.

## નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ડ્રોન નિયમ, 2021નો મુસદ્દો બહાર પાડયો

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે (Ministry of Civil Avication)એ જાહેર પરામર્શ માટે પુનર્ગઠન 'ડ્રોન નિયમ, 2021' બહાર પાડયો છે.

- આ ડ્રાફ્ટ નિયમો વિશ્વાસ, સ્વ–પ્રમાણપત્ર અને બિન–ઘુષણખોરી દેખરેખના આધારે બનાવવામાં આવ્યા હતા.
- આ નવા નિયમો માર્ચ 2021માં સૂચિત હાલના 'માનવરહિત વિમાન સિસ્ટમ' (UAS)ના નિયમો બદલશે.

### ડ્રાફ્ટ ડ્રોન નિયમો 2021

નવા નિયમો મુજબ, ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર ન્યૂનતમ માનવ ઈન્ટરફેસ હશે અને મોટાભાગની પરવાનગીઆપમેળે બનાવવામાં આવશે.

- તે ભવિષયમાં 'નો પરમિશન–નો ટેકઓફ', રિઅલ ટાઈમ ટ્રેકિંગ બીકન, જીઓ–ફેન્સિંગ વગેરે સુવિધાઓને પણ સૂચિત કરશે.
- આ નિયમો હેઠળ ડ્રોન અને ઘટકોની આયાતને ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.
- ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન તાલીમ આવશ્યકતાઓ નક્કી કરશે, ડ્રોન સ્કૂલની સંભાળ રાખશે અને ઓનલાઈન પાઈલટ લાઈસન્સ આપશે.
- બિન વ્યાપારિક ઉદ્યોગો, નેનો ડ્રોન તથા સંશોધન અને વિકાસ સંસ્થાઓના માઈક્રો ડ્રોન માટે પાઈલટ લાઈસન્સની જરૂર રહેશે નહીં.

### એરસ્પેસ નકશામાં ત્રણ ક્ષેત્રો

- ડ્રોન નિયમો, 2021 રેડ, ગ્રીન અને યલો ઝોન સાથે ઈન્ટરેક્ટિવ એરસ્પેસ નકશો પ્રદાન કરે છે. આ ઝોન ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર પ્રદર્શિત થશે.

(1) રેડ ઝોન : દેશમાં આવેલ જમીન અથવા જળ વિસ્તાર, કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલી ભારતની જળસીમાથી આગળની પોર્ટ લિમિટ અથવા કોઈપણ સંસ્થાની એરસ્પેસમાં અસામાન્ય સંજોગોમાં જ ડ્રોનના ઉડાનને મંજૂરી આપવામાં આવશે.

(2) યલો ઝોન : એરપોર્ટના પરિઘથી યલો ઝોનની લિમિટ <u>45 કિ.મી.થી ઘટાડીને 12 કિ.મી.</u> કરવામાં આવી છે.

(3) ગ્રીન ઝોન : ગ્રીન ઝોનમાં <u>400 ફૂટ</u>ની ઊંચાઈએ ડ્રોનના ઉડાન માટે કોઈ પરવાનગી લેવાની રહેશે નહીં. એરપોર્ટના પરિઘથી <u>8 થી 12 કિ.મી.</u> વચ્ચેના વિસ્તારમાં <u>200 ફૂટ</u>ની ઊંચાઈ સુધી ઉડાન માટે પરવાનગી લેવાની રહેશે નહીં.

## ડ્રોનના વજનના આધારે કેટેગરી

ડ્રોનને તેમના વજનના આધારે 5 કેટેગરીમા વહેંચવામાં આવ્યો છે :

(1) નેનો–250 ગ્રામથી ઓછુ વજન

(2) માઈક્રો–250 ગ્રામથી 2 કિલો સુધીનું વજન

(3) નાના (Small) - 2 કિલોથી 25 કિલો સુધીનું વજન

(4) મિડિયમ (મધ્યમ) - 25 કિલોથી 150 કિલોગ્રામ સુધીનું વજન

(5) લાર્જ (મોટું) - 150થી કિલોગ્રામથી વધુ વજન

## વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-2026

તાજેતરમાં બેડમિન્ટન વૈશ્વિક સંચાલક મંડળ <u>‘વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન’</u> એ જાહેરાત કરી હતી કે <u>વર્ષ 2026</u>માં <u>વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ</u>નું આયોજન ભારત કરશે.

- આ પહેલા <u>વર્ષ 2009</u>માં <u>‘વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ’</u>નું આયોજન ભારતમાં <u>હૈદરાબાદ</u> ખાતે થયું હતું.
- ત્યારબાદ હવે <u>વર્ષ 2026</u>ની વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ફરી ભારતમાં યોજાશે.
- નોંધનીય છે કે આ ટૂર્નામેન્ટનું આયોજન ભારત માટે મહત્વપૂર્ણ રહેશે.
- વર્લ્ડ બેડમિન્ટન ફેડરેશન બેડમિન્ટનની રમત માટેનું આંતરરાષ્ટ્રીય સંચાલક મંડળ છે, જેને <u>આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ</u> (IOC) અને <u>આંતરરાષ્ટ્રીય પેરાઓલિમ્પિક સમિતિ</u> દ્વારા બેડમિન્ટન માટે વૈશ્વિક સંચાલક મંડળ તરીકે માન્યતા આપવામાં આવી છે.



- તેની સ્થાપના લંડનમાં <u>5 જુલાઈ, 1934</u>ના રોજ <u>નવ</u> સ્થાપક સભ્ય સંગઠનો સાથે કરવામાં આવી હતી.
- હાલમાં આ મહાસંઘમાં <u>196</u> સભ્ય છે.
- તેનું મુખ્યમથક <u>મલેશિયા</u> સ્થિત <u>કુઆલાલંપુર</u> ખાતે આવેલું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

1. 'વિશ્વ યુવા કૌશલ દિવસ' અથવા તો 'વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 11 જુલાઈ (B) 12 જુલાઈ (C) 15 જુલાઈ (D) 16 જુલાઈ **(C)**

2. 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો હતો ?
   (A) 2013 (B) 2014 (C) 2015 (D) 2016 **(C)**

3. વર્ષ 2021ની 'વિશ્વ યુવા કૌશલ દિવસ'ની થીમ શું હતી ?
   (A) Skill for a Resilint Youth
   (B) Innovation and Sustainability
   (C) Skills for the Future of Worn
   (D) Reimagining Youth Skills post-pandamic **(D)**

4. તાજેતરમાં સરકારે રાષ્ટ્રીય આયુષ મિશનને કયા વર્ષ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપી છે ?
   (A) 2026 (B) 2027 (C) 2028 (D) 2029 **(A)**

5. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'ડ્રોન નિયમો 2021'નો મુસદ્દો બહાર પાડયો છે ?
   (A) નાગરિક ઉડ્ડયન મંત્રાલય (B) સરંક્ષણ મંત્રાલય
   (C) માનવસંશાધન વિકાસ મંત્રાલય (D) નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલય **(A)**

6. વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ-2026નું આયોજન કયા દેશમાં થશે ?
   (A) ભારત (B) બાંગ્લાદેશ (C) ન્યુઝિલેન્ડ (D) અમેરિકા **(A)**



## દિવસ મહિમા : 16 જુલાઈ, વિશ્વ સાપ દિવસ (World Snake Day)

## હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ભારતની પ્રથમ 'Monk Fruit'ની ખેતી શરૂ થઈ.

હિમાચલ પ્રદેશના કુલ્લુમાં ચીનથી લાવવામાં આવેલ 'Monk Fruit'ની ખેતી શરૂ કરવામાં આવી છે.

- Monk Fruitને 'સાધુ ફળ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ ફળને હિમાચલ પ્રદેશમાં ફિલ્ડ પરીક્ષણ માટે પાલમપુર સ્થિત 'વૈજ્ઞાનિક સંશોધન અને ઔદ્યોગિક ટેક્નોલોજી–હિમાલિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયો–રિસોર્સ ટેક્નોલોજી' (CHIR-IHBT) દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- આ ફળના 50 રોપાઓ રાયસોન ગામના ખેડૂતના ખેતરમાં પરીક્ષણ માટે રોપવામાં આવ્યા હતા અને ખેડૂત સાથે 'મટરિયલ ટ્રાન્સફર કરાર' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- નોંધનીય છે કે આ નવા પાકમાંથી આર્થિક લાભ પ્રતિ હેક્ટર રૂા. 3 લાખથી સાડા ત્રણની વચ્ચે થવાનો અંદાજ છે.

### સાધુ ફળ (Monk Fruit)

Monk Fruit અથવા સાધુ ફળ એ બારમાસી પાક છે. તેનું જીવનકાળ 4 થી 5 વર્ષનું હોય છે.

- આ પાક અંકુરણ પછીના આઠથી નવ મહિના પછી ફળ આપવાનું શરૂ કરે છે.
- તે પર્વત પ્રદેશોમાં વાર્ષિક સરેરાશ તાપમાન 16થી 20º સે અને ભેજવાળી સ્થિતિ સાથે સારી રીતે ઉગે છે.
- Monk Fruitનું નામ બૌદ્ધ સાધુઓ પાસેથી લીધું હતું. તેમણે આ ફળનો સૌપ્રથમ ઉપયોગ કર્યો હતો.

## સ્થગન પ્રસ્તાવ (Adjournment Motion)

તાજેતરમાં શિરોમણી અકાલી દળ (રાજકીય પક્ષ) એ ત્રણ વિવાદસ્પદ કૃષિ કાયદા પર સરકાર વિરુદ્ધ લોકસભામાં 'સ્થગન પ્રસ્તાવ' લાવવાનો નિર્ણય કર્યો છે.

- પ્રસ્તાવ અને ઠરાવો એ જાહેર હિતની બાબતો પર ગૃહમાં ચર્ચા માટેના પ્રક્રિયાત્મક ઉપકરણો છે.

### સ્થગન પ્રસ્તાવ

સ્થગનનો અર્થ મોકૂફ રાખવું એવો થાય છે.

- લોક મહત્વ ધરાવતા અગત્યના કોઈ મુદ્દા પર ગૃહમાં ચર્ચા કરવા માટે ગૃહની અન્ય કાર્યવાહીને સ્થગિત કરવા માટે સ્થગન પ્રસ્તાવ લાવવામાં આવે છે.
- ગૃહના અધ્યક્ષની મંજૂરી અને 50 સભ્યોના સમર્થન બાદ આ પ્રસ્તાવ રજૂ કરી શકાય છે.
- આ પ્રસ્તાવ ફક્ત લોકસભામાં જ રજૂ કરી શકાય છે, રાજ્યસભામાં નહીં.
- આ પ્રસ્તાવ પક્ષ કે વિપક્ષના કોઈપણ સદસ્ય દ્વારા લાવી શકાય છે.
- સ્થગન પ્રસ્તાવ પસાર થવાથી ગૃહની અન્ય કાર્યવાહી મોકૂફ રાખવામાં આવે છે.
- સ્થગન પ્રસ્તાવ નીચેની શરતોનું પાલન થાય ત્યારે જ લાવી શકાય છે.
  - (a) આ પ્રસ્તાવ દ્વારા માત્ર એક જ મુદ્દો ચર્ચા માટે ઉઠાવી શકાય.
  - (b) પ્રસ્તુત મુદ્દો લોક મહત્વનો હોવો જોઈએ.
  - (c) આ પ્રસ્તાવ કોઈ તાત્કાલિક અને મહત્વપૂર્ણ ઘટના પર જ ચર્ચા માટે રજૂ કરી શકાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS


- નીચેના વિષયો પર સ્થગન પ્રસ્તાવ લાવી શકાય નહીં.
  (a) સંસદીય વિશેષાધિકાર સાથે સંકળાયેલ મુદ્દાઓ
  (b) ન્યાયાલયમાં વિચારાધીન મુદ્દાઓ
  (c) જે મુદ્દા પર ચાલુ સત્રમાં ચર્ચા થઈ ચૂકી હોય.

## દક્ષિણ આફ્રિકામાં હિંસક વિરોધ પ્રદર્શન

દક્ષિણ આફ્રિકામાં તાજેતરમાં થયેલા તોફાનો અને લૂંટમાં 70થી વધુ લોકોના મોત નીપજ્યા છે, તેમજ રોજગાર અને દેશની માળખાગત સુવિધાને પણ ગંભીર નુકસાન પહોંચ્યું છે.

- વર્ષ 1994માં શ્વેત લઘુમતી શાસનના અંત પછીની આ ઘટનાને સૌથી નોંધપાત્ર નાગરિક અશાંતિ તરીકે જોવામાં આવે છે.
- આ વિરોધ પ્રદર્શન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી જેકબ ઝુમાની મુક્તિની માંગ સાથે શરૂ થયું હતું.
- જેઓ આફ્રિકાના રાષ્ટ્રપતિ તરીકે **2009 થી 2018** સુધી કાર્યરત હતા.
- નોંધનીય છે કે વર્તમાનમાં તેઓ ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહયા છે.
- શ્રી જેકબ ઝુમા પર ભૂતપૂર્વ કેબિનેટ મંત્રીઓ, ઉચ્ચ સરકારી અધિકારીઓ અને રાજ્યની માલિકીના સાહસોના અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચારનો આરોપ મૂકવામાં આવ્યો હતો.
- વર્તમાન આફ્રિકામાં હિંસા અને મહામારીની વચ્ચે અર્થતંત્ર પર ઘણી અસર જોવા મળી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## FRIDAY Questions

1. 'વિશ્વ સાપ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ **(B)**

2. કયા ક્ષેત્રમાં ભારતની પ્રથમ 'Monk Fruit' (સાધુ ફળ)ની ખેતી શરૂ થઈ છે ?

(A) કુલ્લુ, હિમાચલપ્રદેશ (B) દેહરાદુન, ઉત્તરાખંડ

(C) અમૃતસર, પંજાબ (D) ધર્મશાળા, હિમાચલપ્રદેશ **(A)**

3. 'Monk Fruit' (સાધુ ફળ) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) Monk Fruit અથવા સાધુ ફળ એ બારમાસી પાક છે. તેનું જીવનકાળ 4 થી 5 વર્ષનું હોય છે.

(B) આ પાક અંકુરણ પછીના આઠથી નવ મહિના પછી ફળ આપવાનું શરૂ કરે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

4. તાજેતરમાં કયા પક્ષ દ્વારા લોકસભામાં 'સ્થગન પ્રસ્તાવ' લાવવાનો નિર્ણય કર્યો છે ?

(A) શિરોમણી અકાલી દળ (B) ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ

(C) બહુજન સમાજ પાર્ટી (D) તેલગુ દેસમ પાર્ટી **(A)**

5. ગૃહના અધ્યક્ષની મંજૂરી અને ........ સભ્યોના સમર્થન બાદ લોકસભામાં સ્થગન પ્રસ્તાવ રજૂ કરી શકાય છે ?

(A) 10 (B) 20 (C) 25 (D) 50 **(D)**

6. સ્થગન પ્રસ્તાવ સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) આ પ્રસ્તાવ માત્ર રાજ્યસભામાં જ રજૂ કરી શકાય છે.

(B) આ પ્રસ્તાવ માત્ર લોકસભામાં જ રજૂ કરી શકાય છે.

(C) આ પ્રસ્તાવ પક્ષ કે વિપક્ષના કોઈપણ સભ્ય દ્વારા લાવી શકાય છે.

(D) ગૃહના અધ્યક્ષની મંજૂરી અને 50 સભ્યોના સમર્થન બાદ આ પ્રસ્તાવ રજૂ કરી શકાય છે. **(A)**

7. તાજેતરમાં શ્રી જેકબ ઝુમાની જેલમાંથી મુક્તિની માંગ સાથે હિંસક પ્રદર્શન વિરોધ થયો હતો. તે કયા દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ છે ?

(A) આફ્રિકા (B) આર્જેન્ટિના (C) ચેક રિપબ્લિક (D) સાર્બિયા **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## દિવસ મહિમા : 17 જુલાઈ, (1) વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ (World Day for International Justice)
## (2) વિશ્વ ઈમોજી દિવસ (World Emoji Day)

## 'કિસાન સારથી' મંચ

તાજેતરમાં 'ભારતીય કૃષિ સંશોધન પરિષદ' (ICAR) એ તેમનો 93મો સ્થાપના દિવસ ઉજવયો હતો. આ પ્રસંગે તેમણે 'કિસાન સારથી' પ્લેટફોર્મનો પ્રારંભ કરાવ્યો છે.

### 'કિસાન સારથી' મંચ

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તથા કેન્દ્રીય ઈલેકટ્રોનિકસ અને માહિતી ટેકનોલોજી મંત્રી દ્વારા સંયુક્ત રૂપે તેની શરૂઆત કરવામાં આવી છે.

- ખેડૂતોને તેમની ઈચ્છિત ભાષામાં 'યોગ્ય સમયે યોગ્ય માહિતી' મેળવવામાં સુવિધા પ્રદાન કરતું એક ડિજિટલ પ્લેટફોર્મ છે.
- તે ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો સાથે કૃષિ અને તેના સંબંધિત વિષયો પર સીધો સંપર્ક કરવામાં અને વ્યક્તિગત સલાહ મેળવવા માટે મદદ કરશે.
- તેનો ઉપયોગ કરીને ખેડૂત ખેતીની નવી પદ્ધતિઓ પણ શિખી શકે છે.

નોંધ : (1) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ભારતમાં કૃષિ વિસ્તરણ કેન્દ્ર છે. આ કેન્દ્ર સામાન્ય રીતે કૃષિ યુનિવર્સિટી સાથે સંકળાયેલા ICAR અને ખેડૂતો વચ્ચેની અંતિમ કડી તરીકે સેવા આપે છે.

(2) તે રાષ્ટ્રીય કૃષિ સંશોધન પ્રણાલીનો એક અભિન્ન ભાગ છે.

(2) પ્રથમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વર્ષ 1974માંપુડુચેરીમાં સ્થાપિત કરવામાં આવ્યું હતું.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતીય કૃષિ સંશોધન પરિષદ

તે કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ (DARE) હેઠળ એક સવાયત્ત સંસ્થા છે.

- 16 જુલાઈ, 1929ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- અગાઉ તે 'ઈમ્પિરિયલ કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ' તરીકે ઓળખાતી હતી.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તે દેશમાં બાગાયત, મત્સ્ય ઉદ્યોગ અને કૃષિ વિજ્ઞાન સહિતના ક્ષેત્રે સંશોધન તથા શિક્ષણ સંકલન, માર્ગદર્શન અને સંચાલન માટેની સર્વોચ્ચ સંસ્થા છે.

## જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટનું નામ બદલવામાં આવ્યું

16 જુલાઈ, 2021ના રોજ કાયદા મંત્રાલયમાં ન્યાય વિભાગ દ્વારા સૂચિત આદેશ સાથે 'Common High Court of UT of Jammu & Kashmir and UT of Ladakh'નું નામ બદલીને 'જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ' રાખવામાં આવ્યું છે.

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે આ ફેરફાર કરવા માટે 'Jammu and Kashmir Reorganisation (Removal of Difficulties) order, 2021' પર હસ્તાક્ષર કર્યા હતા.
- આ ફેરફાર જમ્મુ કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019ના અમલના અનુરૂપ કરવામાં આવ્યો હતો.
- આ હાઈકોર્ટ કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ–કાશ્મીર અને લદ્દાખ માટેની છે.
- નોંધનીય છે કે જમ્મુ કાશ્મીર હાઈકોર્ટની સ્થાપના 26 માર્ચ, 1928ના રોજ જમ્મુ કાશ્મીરના મહારાજા દ્વારા આપવામાં આવેલા પેટન્ટના પત્ર દ્વારા કરવામાં આવી હતી.

નોંધ : (1) 'જમ્મુ–કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, 2019' 31 ઓક્ટોબર, 2019ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો.

(2) આ અધિનિયમ 5 ઓગસ્ટ, 2019ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતશાહે રજૂ કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કૃષ્ણા અને ગોદાવરી નદી મેનેજમેન્ટ બોર્ડ

તાજેતરમાં કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશ પુનર્ગઠન અધિનિયમ હેઠળ 'કૃષ્ણા નદી મેનેજમેન્ટ બોર્ડ' (KRMB) અને 'ગોદાવરી નદી મેનેજમેન્ટ બોર્ડ' (GRMB) ના અધિકાર ક્ષેત્રને સાત વર્ષ પછી સૂચિત કર્યુ છે.

- આ બોર્ડની રચના સાથે કેન્દ્રએ આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં બે નદીઓના તટપ્રદેશમાં હાઈડ્રોપાવર ઉત્પાદન સહિતના તમામ પ્રોજેક્ટના સંચાલનને સ્થાનાંતરિત કર્યા છે.
- જળ શક્તિ મંત્રાલય દ્વારા આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

- આ જાહેરનામામાં કૃષ્ણા બેસિનમાં 35 અને ગોદાવરી બેસિનમાં 71 પ્રોજેક્ટને બોર્ડના કાર્યક્ષેત્ર હેઠળ લાવવામાં આવ્યા છે.
- પ્રોજેક્ટમાં ડેમ, જળાશયો, કેનાલ નેટવર્કનો ભાગ, માળખાને નિયંત્રિત કરવા, ટ્રાન્સમિશન લાઈન અને વીજ મથકોના હેડવર્કને સંચાલિત કરવા બોર્ડને શક્તિ આપવામાં આવી છે.
- બંને બોર્ડ 'ગોદવરી જળ વિવાદ ટ્રિબ્યુનલ' અને 'કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ' દ્વારા આપવામાં આવેલા નિર્ણયોના આધારે પાણી વહેંચણીનું નિયમન કરશે.
- નોંધનીય છે કે કૃષ્ણા નદીના જળ વિવાદના નિરાકરણ માટે 'કૃષ્ણા જળ વિવાદ ટ્રિબ્યુનલ'ની સ્થાપના વર્ષ 1969માં કરવામાં આવી હતી, જ્યારે 'ગોદાવરી જળ વિવાદ ટ્રિબ્યુનલ'ની રચના પણ એપ્રિલ 1969માં જ કરવામાં આવી હતી.

## SATURDAY Questions

1. 'વિશ્વ આંતરરાષ્ટ્રીય ન્યાય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 15 જુલાઈ (B) 16 જુલાઈ (C) 17 જુલાઈ (D) 18 જુલાઈ **(C)**

2. 'વિશ્વ ઈમોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 17 જુલાઈ (B) 18 જુલાઈ (C) 19 જુલાઈ (D) 20 જુલાઈ **(A)**

3. ભારતીય કૃષિ સંશોધન પરિષદના કેટલામાં સ્થાપના દિવસ નિમિત્તે 'કિસાન સારથી' પ્લેટફોર્મનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) 82 મા (B) 88 મા (C) 91 મા (D) 93 મા **(D)**

4. કિસાન સારથી મંચ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
   1. કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી તથા કેન્દ્રીય ઈલેક્ટ્રોનિકસ અને માહિતી ટેક્નોલોજી દ્વારા તેમની શરૂઆત કરવામાં આવી છે.
   2. ICARના 93માં સ્થાપના દિવસ નિમિત્તે તેનો પ્રારંભ થયો છે.
   3. તે ખેડૂતોને તેમની ઈચ્છિત ભાષામાં 'યોગ્ય સમયે યોગ્ય માહિતી' મેળવવામાં સુવિધા પ્રદાન કરતું એક ડિજિટલ પ્લેટફોર્મ છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો
(A) ફક્ત 1 અને 3 (B) 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 1 અને 2 **(B)**

5. તાજેતરમાં જમ્મુ કાશ્મીર હાઈકોર્ટનું નામ બદલીને શું રાખવામાં આવ્યું છે ?
(A) જમ્મુ અને લદ્દાખ હાઈકોર્ટ (B) કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ
(C) જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટ (D) જમ્મુ કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશ હાઈકોર્ટ **(C)**

6. કૃષ્ણા અને ગોદાવરી નદી મેનેજમેન્ટ બોર્ડના અધિકારક્ષેત્ર કેન્દ્ર હેઠળ સ્થળાંતરિત કરવા કયા મંત્રાલય દ્વારા જાહેરાનામુ બહાર પાડવામાં આવ્યું છે ?
(A) સંરક્ષણ મંત્રાલય (B) ગૃહ મંત્રાલય
(C) જળશક્તિ મંત્રાલય (D) વેપાર અને ઉદ્યોગ મંત્રાલય **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **કોરોનામાં માતા-પિતા ગૂમાવી બેઠેલા નિરાધર બાળકોનો મુખ્યમંત્રી સાથે મોકળા મને સંવાદ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કોરોનાથી માતા–પિતાનું અવસાન થતાં નિરાધર બનેલા બાળકો સાથે મોકળા મને સંવાદ કરતા કહ્યું કે, કોરનામાં માતા–પિતાની છત્રછાયા ગુમાવી નિરાધર બનેલા બાળકોનો આધાર સરકાર છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આવા નિરાધર બાળકો પ્રત્યે પિતૃવત્સલ સંવેદના પ્રગટ કરતા એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. તેમણે આ સંદર્ભમાં જાહેર કર્યુ કે મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં આવા અનાથ બાળકોને 18 વર્ષની વય સુધી દર મહિને રૂ. 4000ની સહાય આપવામાં આવે છે. હવે આ મર્યાદા વધારીને 21 વર્ષનો નિર્ણય કર્યો છે એટલે કે હવે બાળકની વય 21 વર્ષની થાય ત્યાં સુધી તેને રાજ્ય સરકાર દર મહિને રૂ. 4000ની સહાય આપી આર્થિક આધાર પૂરો પાડશે. મુખ્યમંત્રીશ્રીના જણાવ્યા અનુસાર રાજ્યભરમાં આવા 776 જેટલા નિરાધર બાળકોને બાળક દીઠ રૂ. 4000ની સહાય અન્વયે થોડા દિવસ પહેલા કુલ રૂા. 31.04 લાખની સહાય DBTથી બેંક ખાતામાં પણ આપવામાં આવી છે.

➤ **મુખ્યમંત્રીશ્રી દ્વારા ટોક્યો ઓલિમ્પિકમાં પસંદ થયેલી ગુજરાતની છ દીકરીઓને રૂા. 10 લાખની નાણાકીય સહાય જાહેર કરી**

ગુજરાત રાજ્યની સ્થાપના બાદના 60 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર રાજ્યના 6 ખેલાડીઓ આગામી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાના છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નારીશક્તિની સ્પોર્ટ્સ ક્ષેત્રે આ વૈશ્વિક સિદ્ધિને પ્રોત્સાહિત કરતા ઓલિમ્પિક રમતોમાં ભાગ લેવા પસંદ થયેલી ગુજરાતની છ દિકરીઓને પ્રત્યેકને રૂા. 10 લાખની નાણાકીય સહાય આપવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતની આ છ દિકરીઓ જેમને આ 10 લાખની સહાય મળશે તેમાં સુશ્રી માના પટેલ (સ્વિમિંગમાં), સુશ્રી એલાવેનિલ વાલારિવન (શૂટિંગમાં), સુશ્રી અંકિતા રૈના (ટેનિસમાં) સુશ્રી સોનલ પટેલ તથા સુશ્રી ભાવિના પટેલ પેરા ટેબલટેનિસમાં અને પારૂલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે.

➤ **ગાંધીનગરમાં રેલ્વે ટ્રેકની ઉપર બનાવવામાં આવી ભારતની પ્રથમ 5 સ્ટાર હોટલ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં અદ્યતન નવીનકૃત અને પુનવિકાસ થયેલ ગાંધીનગર કેપિટલ રેલવેનું વર્ચ્યુઅલ ઉદઘાટન કર્યુ છે. નોંધનીય છે કે ભારતીય રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ કોર્પોરેશન (IRSDC) દ્વારા ગાંધીનગર રેલવે સ્ટેશનના પુર્નવિકાસ અને ફાઈવ સ્ટાર હોટલના નિર્માણના પ્રોજેક્ટને જાન્યુઆરી 2017માં શરૂ કરવામાં આવ્યો હતો. રેલવે સ્ટેશનની ઉપરની આ લકઝરી હોટલમાં 318 ઓરડાઓ છે તે ખાનગી સંસ્થા દ્વારા સંચાલિત કરવામાં આવશે. આ હોટલ 7,400 ચોરસ મીટરના ક્ષેત્રમાં ફેલાયેલી છે તથા 790 કરોડના ખર્ચે બનાવવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **નાગપુરમાં ભારતના પ્રથમ ખાનગી LNG સુવિધા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું**

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી શ્રી નીતિન ગડકરીએ નાગપુરમાં ભારતના પ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) સુવિધા પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરતા મંત્રીશ્રીએ ઉર્જા અને પાવરક્ષેત્રો પરફ વૈકલ્પિક બાયોફ્યુઅલ અને કૃષિના વિવિધતાના મહત્ત્વ પર ભાર મુક્યો હતો. મંત્રાલયે એકનીતિ પણ ઘડી છે જે આયાત વિકલ્પ, ખર્ચ અસરકારક, પ્રદૂષણ મૂક્ત અને સ્વદેશી ઈથેનોલ, એલ.એન.જી, બાયો સી.એન.જી અને હાઈડ્રોજન ઈંધણના વિકાસને પ્રોત્સાહન આપે છે. આ ઉપરાંત શ્રી નીતિન ગડકરીએ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ચોખા, મકાઈ અને ખાંડના સરપ્લસનો ઉપયોગ વૈકલ્પિક ઈંધણ તરીકે થઈ શકે છે.

➤ **પટણામાં નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર બનાવવામાં આવશે.**

ટૂંક સમયમાં પટણામાં 'નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર' સ્થાપવામાં આવશે. હાલમાં આ સંશોધન કેન્દ્ર સ્થાપવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આ સંશોધન કેન્દ્ર જોખમમાં મુકાયેલ ગંગા નદી ડોલ્ફિનના સંરક્ષણ તરફનું એક મોટું પગલું હશે. સંશોધન કેન્દ્રની સ્થાપના માટે ગંગા નદીના કાંઠે પટના યુનિવર્સિટીના કેમ્પસમાં 4,400 વર્ગ મીટર જમીન પર 'નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર' (NDRC) સ્થાપવામાં આવશે. ગંગા નદીમાં ડોલ્ફિનનો વસવાટ જોખમમાં છે. આમ NDRC હવે ડોલ્ફિનના સંરક્ષણ માટે પ્રયત્ન કરશે. નોંધનીય છે કે ગંગા નદી ડોલ્ફિન એ ભારતનું રાષ્ટ્રીય જળચર પ્રાણી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **રાષ્ટ્રીય સંપત્તિ પુનઃનિર્માણ કંપની**

નેશનલ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (NARC)એ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (RoC) મુંબઈમાં નોંધાયેલ કાનૂની એકમ બની ગઈ છે. NARC બેંકને બેડ બેંક તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને એક બેન્કિંગ સિસ્ટમ તણાવપૂર્ણ સંપત્તિ માટેનું એક વન–સ્ટોપ સોલ્યુશન માનવામાં આવે છે પ્રથમ તબક્કા હેઠળ NARCમાં ટ્રાન્સફર કરવા માટે રૂ. 89,000 કરોડના 22 સ્ટ્રેસ્ડ (તણાવ) ખાતાની ઓળખ કરવામાં આવી છે. આ સાથે બે લાખ કરોડ રૂપિયાના બેડ લોન એકાઉન્ટ્સ આ નવી બેડ બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવશે. નોંધનીય છે કે NARCની રચના 7 જુલાઈ, 2021ના રોજ કરવામાં આવી હતી. તેની પાસે 100 કરોડની અધિકૃત મૂડી અને 6 કરોડ રૂપિયાની અપ મૂડી છે. 16 બેંકો, 12 સરકારી અને 4 ખાનગી બેંકો NRACમાં રોકાણ કરશે.

➤ **પર્યાવરણીય ઉલ્લંઘનનો સામનો કરવા SOP**

તાજેતરમાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે પર્યાવરણ ઉલ્લંઘન સાથે સંબંધિત કેસોની કાર્યવાહી કરવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ કાર્યવાહી (SOP) જાહેર કરી. SOP નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલના આદેશોનું પરિણામ છે, જે અંતર્ગત મંત્રાલયને હરિત ઉલ્લંઘન માટે દંડ અને એક SOP જાહેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. SOP મુજબ જે પ્રોજેક્ટ, પ્રોજેક્ટના પ્રસ્તાવક પાસેથી મંજૂરી મેળવ્યા વિના શરૂ થયો છે અથવા પર્યાવરણીય મંજૂરી માટે મંજૂરીના હોય તેવા પ્રોજેક્ટ તથા પ્રોજેક્ટ અગાઉની પર્યાવરણીય મંજૂરી મેળવવા માટે લાયક છે કે કેમ તેના આધારે પ્રોજેક્ટની પરવાનગીની તપાસ કરવામાં આવશે. જરૂરી પર્યાવરણીય મંજૂરી વગર કામગીરી શરૂ થઈ હોય તેવા કિસ્સાઓમાં ઉલ્લંઘન દરમિયાન કુલ પ્રોજેક્ટ ખર્ચના 1% વતી કુલ ટર્નઓવરના 0.25% દંડ વસૂલવામાં આવશે. ઉલ્લંઘનના કેસોમાં જ્યાં કામગીરી શરૂ થઈ નથી. તેમની પાસેથી અરજી ફાઈલ કરવાની તારીખથી કુલ પ્રોજેક્ટ ખર્ચના 1% દંડ વસૂલવામાં આવશે.

➤ **વિયેતનામનું ભારતમાં પ્રથમ માનદ મહાવાણિજ્ય દૂત**

તાજેતરમાં વિયેતનામે, વિયેતનામ અને કર્ણાટક રાજ્ય વચ્ચે વેપાર, રોકાણ, પર્યટન, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સહયોગને પ્રોત્સાહન આપવા માટે બેંગ્લોરમાં 'માનદ મહાવાણિજ્ય દૂત' (Honorary Consul General in India)ની નિમણૂક કરવામાં આવી છે. બેંગ્લોર સ્થિત ઉદ્યોગપતિ શ્રી એન. એસ. શ્રીનિવાસ મૂર્તિની કર્ણાટક માટે વિયેતનામના માનદ કોન્સ્યુલ જનરલ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તે ભારતમાં વિયેતનામના પ્રથમ માનદ કોન્સ્યુલ જનરલ છે જેની નિમણૂક ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે. નોંધનીય છે કે બંને દેશોએ તેમના રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 50મી વર્ષગાંઠ નિમિત્તે વર્ષ 2022માં વિવિધ સ્મારક પ્રવૃત્તિ કરવા સંમત થયા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **'RBI રિટેલ ડાયરેક્ટ' યોજના**

તાજેતરમાં ભારતીય રિઝર્વ બેંકે (RBI) એ આર.બી.આઈ. રિટેલ ડાયરેકટ યોજનાની જાહેરાત કરી છે. ફેબ્રુઆરી 2021માં રિઝર્વ બેંકે રિટેલ રોકાણકારોને સરકારી સિકયોરિટીઝ (જી–સેક)માં સીધા રોકાણની સુવિધા આપવા માટે કેન્દ્રીય બેંક પાસે ગિલ્ટ સિકયોરિટીઝ ખાતા ખોલવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂકયો હતો. આ યોજના હેઠળ વ્યક્તિગત રિટેલ રોકાણકારોને ભારતીય રિઝર્વ બેંક સાથે 'રિટેલ ડાયરેકટ ગિલ્ટ એકાઉન્ટ' (RDE ખાતું) ખોલવા અને નિયંત્રિત કરવાની સુવિધા આપવામાં આવશે. રિટેલ રોકાણકાર એ બિન–વ્યાવસાયિક રોકાણકાર છે જે મ્યુચ્યુઅલ ફંડ્સ અને એકસચેંજ–ટ્રેડેડ (ETF) સહિતની સિક્યોરિટીઝ અથવા ફંડ્સ ખરીદે છે અને વેચે છે. આ યોજનાના હેતુ માટે પૂરા પાડવામાં આવેલ ઓનલાઈન પોર્ટલ દ્વારા રજિસ્ટર્ડ યુઝર્સને સરકારી સિકયોરિટીઝના પ્રાથમિક ઈશ્યુઅર અને 'નેગોસિએટેડ ડીલિંગ સિસ્ટમ–ઓર્ડર મેચિંગ સિસ્ટ'ની એકસેસ પ્રદાન કરશે.

➤ **નેપાળ અને ભારતે લોઅર અરુણ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા**

પૂર્વીય નેપાળમાં 679 મેગાવોટના હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ વિકસાવવા માટે નેપાળે ભારતના સતલુજ જળ વિદ્યુત નિગમ સાથે 1.3 અબજ ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ભારત દ્વારા શરૂ કરાયેલ નેપાળનું આ બીજું મોટું સાહસ હશે તથા તે સૌથી મોટો વિદેશી રોકાણ પ્રોજેક્ટ છે જે વર્ષ 2017ના ખર્ચ અંદાજ આધારિત છે. આ પ્રોજેક્ટને વિકસાવવા માટે નેપાળના ઈન્વેસ્ટમેન્ટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી સુશીલ ભટ્ટ સતલુજ જળ વિદ્યુત નિગમના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી નંદલાલ શર્માએ કાઠમાંડુમાં એક MoU પર હસ્તાક્ષર કર્યા હતા આ હાઈડ્રો પ્રોજેક્ટ બિલ્ડ, ઓન અને ઓપરેટ એન્ડ ટ્રાન્સફર (BOOT) મોડલ હેઠળ વિકસાવામાં આવશે.

➤ **ઈસરોએ પ્રવાહી બળતણ એન્જિનનું સફળતા પૂર્વક પરીક્ષણ કર્યુ**

તાજેતરમાં ઈસરોએ પ્રવાહી બળતણ સંચાલિત વિકાસ એન્જિન (Vikas Engine)ની ત્રીજા લાંબા ગાળાનું ગરમ પરીક્ષણ સફળતાપૂર્વક કર્યુ છે. આ પરીક્ષણ સાથે ઈસરો તેની પ્રથમ માનવ સંચાલિત અંતરિક્ષ મિશન ગગનયાન માટે આગળ વધ્યુ છે. વિકાસ એન્જિનની ત્રીજી લાંબાગાળાનું ગરમ પરીક્ષણ હ્યુમન રેટેડ જીઓ સિંક્રોન્સ સેટલાઈટ લોન્ચ વ્હીકલ MK III (GSLV MK III)ના કોર L110 પ્રવાહી તબક્કા માટે હાથ ધરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ એ ગગનયાન મિશન માટેની એન્જિન લાયકાત આવશ્યકતાઓનો એક ભાગ હતો. ત્રીજા રોકેટમાં ભારતીય અવકાશયાત્રીઓને મોકલતા પહેલા ઈસરોની બે માનવ રેટેડ માનવરહિત GSLV-M-III રોકેટ ઉડવાની યોજના છે. નોંધનીય છે કે ISRO દ્વારા ગગનયાન મિશનની યોજના બનાવવામાં આવી છે. આ મિશન અંતર્ગત ત્રણ ફ્લાઈટસને ઓર્બિટમા મોકલવામાં આવશે. જેમાં બે માનવરહિત ફ્લાઈટ્સ અને એક માનવ સંચાલિત ફ્લાઈટનો સમાવેશ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **શાળા ઈનોવેશન એમ્બેસેડર તાલીમ કાર્યક્રમ**

તાજેતરમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી અને આદિજાતિ બાબતોના મંત્રી દ્વારા સંયુક્તપણે 'શાળા ઈનોવેશન એમ્બેસેડર તાલીમ કાર્યક્રમ' (SIATP)ની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના શિક્ષકો માટે નવીન અને તેના એક પ્રકારના તાલીમ કાર્યક્રમનો હેતુ 50,000 શાળા શિક્ષકોને નવીનતા, ઉદ્યમવૃત્તિ; બૌદ્ધિક સંપત્તિ અધિકાર, ડિઝાઈન વિચારસરણી, ઉત્પાદન વિકાસ, વિચાર નિર્માતા વગેરેની તાલીમ આપવાનો છે. તે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે શિક્ષકોને પરિવર્તન એજન્ટો અને નવીન રાજદૂતો બનાવશે.

## વિશ્વ

### ➤ આર્થિક સહકાર માટે ભારત-ઈટાલી સંયુક્ત પંચ

ભારત–ઈટાલીના આર્થિક સહકાર માટેના સંયુક્ત પંચ (JCEC)નું 21 મું સત્ર તાજેતરમાં યોજાયું હતું. આ સત્રની સહ–અધ્યક્ષતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને ઈટાલીના વિદશી બાબતો અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રી શ્રી લુઈગી દી માઓએ કરી હતી. બંને દેશોએ કાપડ, ફૂડ પ્રોસેસિંગ, રેલ્વે, ચામડા, સ્ટાર્ટ અપ્સ અને આર્થિક સહયોગ અંગે ચર્ચા કરી હતી. આ તમામ ક્ષેત્રો અર્થતંત્રના વિકાસ અને રોજગાર ઉત્પન્ન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નોંધનીય છે કે ભારત અને ઈટાલી વચ્ચે દ્વિપક્ષીય વેપાર બે દાયકમાં 12 ગણો વધ્યો છે. ભારત ઈટાલી સંયુક્ત આયોગ આર્થિક સહયોગનું 20મું સત્ર નવી દિલ્હી ખાતે યોજાયું હતું.

### ➤ શ્રી શેર બહાદુર દેઉબા નેપાળના નવા વડાપ્રધાન બનશે.

નેપાળની સુપ્રીમ કોર્ટે નેપાળ કોંગ્રેસના પ્રમુખ શ્રી શેર બહાદુર દેઉબાને નેપાળના વડાપ્રધાન તરીકે બે દિવસમાં નિયુક્તિ કરવાનો આદેશ આપ્યો છે. આદેશ મુજબ શ્રી શેર બહાદુર દેઉબાએ તેમની નિમણૂકના એક મહિનામાં ગૃહમાં વિશ્વાસનો મત લેવો પડશે. કોર્ટે ગૃહને છેલ્લા પાંચ મહિનામાં બીજી વખત પુનઃ સ્થાપિત કર્યુ છે. કોર્ટ દ્વારા ફેબ્રુઆરી મહિનામાં પણ આવી જ કાર્યવાહી કરવામાં આવી હતી. નોંધનીય છે કે 21 મેના રોજ વડાપ્રધાન શ્રી કે.પી. શર્મા ઓલીની ભલામણ પર સંસદ ભંગ કરવામાં આવી હતી અને 6 મહિનામાં નવી ચૂંટણી યોજવાનો આદેશ પણ આપવામાં આવ્યો હતો. પછી ન તો કે.પી.શર્મા ઓલી કે વિપક્ષ બંને બહુમત બતાવવામાં સક્ષમ ન હતા. નોંધનીય છે કે નેપાળના રાષ્ટ્રપતિ પાસે નેપાળના બધારણના અનુચ્છેદ 76 (7) હેઠળ પ્રતિનિધિ ગૃહ અથવા સંસદ વિસર્જન કરવાની સત્તા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ સેનટ ક્વીન કેટવનના અવશેષો : જ્યોર્જિયા

તાજેતરમાં ભારતે જ્યોર્જિયા સરકારને 17મી સદીના સેન્ટ ક્વીન કેટેવનના પવિત્ર અવશેષોને એક ભાગ ભેટ આપ્યો છે. આ અવશેષો ભારતના વિદેશ મંત્રીની પહેલી જ્યોર્જિયા મુલાકાત પ્રસંગે ભેટ આપવામાં આવ્યા હતા. જ્યોર્જિયા એ એક વ્યૂહાત્મક દષ્ટિ એ મહત્વપૂર્ણ દેશ છે. રાણી જ્યોર્જિયા પૂર્વી જ્યોર્જિયાનું એક રાજ્ય કાખેતીના હતા. એવુ માનવામાં આવે છે કે ઈસ્લામ ધર્મ ન સ્વીકારવા બદલ વર્ષ 1627ની સાલમાં વર્તમાન ઈરાકના શિરાઝમાં તેની હત્યા કરવામાં આવી હતી. વર્ષ 1627માં તેના અવશેષોનો કેટલોક ભાગ ઓગસ્ટિન સાધુઓ દ્વારા ગોવા લાવવામાં આવ્યો હતો. ગોવા સ્થિત સેન્ટ ઓગસ્ટિન ચર્ચના ખંઢેરોમાં વર્ષ 2005માં ભારતીય પુરા તત્વીય સર્વેક્ષણને ક્વીન કેટરનના અવશેષો મળી આવ્યા હતા. જ્યોર્જિયાના લોકોની ઘણી ઐતિહાસિક, ધાર્મિક અને આધ્યાત્મિક ભાવનાઓ સેન્ટ ક્વીન કેટવન સાથે સંકળાયેલી છે.

➤ **‘State of Food Security and Nutrition in the World 2021’ Report**

તાજેતરમાં ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO)એ તેમનો 'State of Food Security and Nutrition in the world 2021' રિપોર્ટ પ્રકાશિત કર્યો છે. FAO એ આ અભ્યાસ 63 નીચા અને મધ્યમ આવકવાળા દેશોમાં કર્યો હતો. તેમના અભ્યાસમાં લોકોની આવકમાં ફેરફાર પર 5 અબજની વસતીને આવરી લીધી હતી. આ અભ્યાસ મુજબ આવકમાં ઘટાડો થવાના કારણે તંદુરસ્ત ખોરાકની પરવાડતામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વર્ષ 2020ના અંત સાથે વૈશ્વિક ગ્રાહક ખાદ્ય ભાવો 6 વર્ષમાં સૌથી વધુ હતા તથા 2021ના પ્રથમ ચાર મહિનામાં તેમાં સતત વધારો થતો રહ્યો છે. આ રિપોર્ટ મુજબ 2020માં 2.37 અબજ લોકોને પર્યાપ્ત ખોરાક મળી શકયો નહીં. આ આંકડા 2019ની તુલનામાં ઘણાં વધ્યા છે. વર્ષ 2020માં વિશ્વભરમાં ત્રણમાંથી એક વ્યક્તિ પુરતો ખોરાક મેળવી શકયો નહીં તથા વૈશ્વિક વસતીના 12% લોકોએ ખોરાકની અસુરક્ષિતતાનો સામનો કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

- કયા સ્થળે રેલવે ટ્રેકની ઉપર ભારતની પ્રથમ 5 સ્ટાર હોટલ બનાવવામાં આવી છે ? – ગાંધીનગર
- કોરોનામાં માતા–પિતા ગૂમાવી બેઠેલા નિરાધર બાળકોને 18 વર્ષની વય સુધી દર મહિને રૂા. 4000ની સહાય આપવામાં આવતી હતી. જે હવે.........વર્ષની વય સુધી સહાય આપવાનો નિર્ણય કર્યો છે ? – 21
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ટોકયો ઓલિમ્પિકમાં પસંદ થયેલી ગુજરાતની છ દિકરીઓ માટે કેટલી નાણાકીય સહાય જાહેર કરી છે ? – રૂા. 10 લાખ
- કયા સ્થળે ભારતના પ્રથમ ખાનગી LNG સુવિધા પ્લાન્ટનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું ? – નાગપુર
- કયા સ્થળે નેશનલ ડોલ્ફિન રિસર્ચ સેન્ટર બનાવામાં આવશે ? – પટણા
- તાજેતરમાં ભારત–ઈટાલીના આર્થિક સહકાર માટેના સંયુક્ત પંચ (JCEC)નું કેટલામું સત્ર યોજાયું હતું ? – 21મું
- નેપાળના નવા વડાપ્રધાનનું નામ જણાવો ? – શ્રી શેર બહાદુર દેઉબા
- તાજતેરમાં શેના ઉલ્લંઘનનો સામનો કરવા માટે SoP જાહેર કરી છે ? – પર્યાવરણીય
- વિયેતનામે ભારતમાં કયા સ્થળે ભારતમાં પ્રથમ ‘માનદ મહાવાણિજ્ય દૂત’ની નિમણૂક કરી છે ? – બેંગ્લોર
- તાજેતરમાં કોણે 'State of Food Security and Nutrition in the World 2021' રિપોર્ટ પ્રકાશિત કર્યો છે ? – FAO
- તાજેતરમાં ભારતે કયા દેશ સાથે લોઅર અરુણ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – નેપાળ
- તાજેતરમાં ભારતે કયા દેશને સેન્ટ ક્વીન કેટવનના અવશેષો ભેટ આપ્યા છે ? – જ્યોર્જિયા
- SIATPનું પૂરું નામ જણાવો ? – શાળા ઈનોવેશન એમ્બેસેડર તાલિમ કાર્યક્રમ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'Nation State Law' કયા દેશ સાથે સંબંધિત છે ? – ઈઝરાયલ
2. 'ઘરેલુ હિંસા (નિવારણ અને સુરક્ષા) બિલ, 2021' સમાચારોમાં આવ્યું હતું, તે કયા દેશ સાથે સંબંધિત છે ? – પાકિસ્તાન

   (તાજેતરમાં પાકિસ્તાને ઘરેલું હિંસા (નિવારણ અને સુરક્ષા) બિલ, 2021 પસાર કર્યુ હતું. જેનો મુખ્ય ઉદેશ મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને અન્ય સંવેદનશીલ જૂથોને ઘરેલું હિંસાથી બચાવવાનો છે.)
3. તાજેતરમાં 'લેમરુ હાથી રિઝર્વ ક્ષેત્ર' ચર્ચામાં રહયું હતું. તે કયા રાજ્યમાં સ્થિત છે ? – છત્તીસગઢ
4. WWF-UNEP રિપોર્ટ અનુસાર કયા ભારતીય પ્રાણીની 35% રેન્જ સુરક્ષિત વિસ્તારોની બહાર છે ? – વાઘ
5. તાજેતરમાં ચર્ચામા રહેલ ICESat-2 કયા દેશનો ઉપગ્રહ છે ? – અમેરિકા
6. ચીનના બે અગ્રણી COVID-19 રસી ઉત્પાદકોએ................સુવિધાને 550 મિલિયન ડોઝ પ્રદાન કરવાના કરારો પર હસ્તાક્ષર કર્યા હતા ? – COVAX
7. કયો કેન્દ્રશાસિત પ્રદેશ COVID-19 રસીનો 100% પ્રથમ ડોઝ આપનાર કેન્દ્રશાસિત પ્રદેશ બન્યો છે ?– લદ્દાખ
8. તાજેતરમાં કયા દેશ દ્વારા 50 વર્ષમાં પ્રથમ વખત ભારતને સફરજનની નિકાસ કરવામાં આવી છે ? – યુનાઈટેડ કિંગ્ડમ
9. કયા દેશે બ્લુ ઓરિજિનને હ્યુમન સ્પેસ ફ્લાઈટ માટે મંજૂરી આપી છે ? – યુ.એસ.એ.

   (ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)એ ન્યૂ શેપાર્ડ લોન્ચ સિસ્ટમ પર માણસોને અવકાશમાં લઈ જવા માટે 'બ્લુ ઓરિજિન લાઈસન્સ'ને મંજૂરી આપી છે. એમેઝોન ડોટ કોમના ભૂતપૂર્વ ચીફ એક્ઝિક્યુટિવ શ્રી જેફ બેઝોસ 20 જુલાઈના રોજ બ્લુ ઓરિજનના પ્રથમ ક્રૂ સફર દ્વારા અવકાશમાં ઉડાન ભરવાના છે.)
10. કયા દેશે તાજેતરમાં વિશ્વની પ્રથમ સંયુક્ત COVID-19 રસી વિકસાવી છે ? – ક્યુબા

    (ક્યુબાએ તાજેતરમાં વિશ્વની પ્રથમ સંયુક્ત COVID-19 રસી સોબેરા-2 અથવા સોબ્રાના-2 વિકસાવી છે. આ રસીની અસરકારકતા 91% છે. જો આ રસી મંજૂર થઈ જાય તો ક્યૂબા આ રસી ઉત્પન્ન કરનાર પ્રથમ દેશ બનશે. સોબ્રાના-2 એ સોબ્રાના શ્રેણીના ત્રણ રસીઓમાંની એક છે. સોબ્રાના-2 રસી ત્રણ ડોઝ આપવામાં આવે છે.)
11. તાજેતરમાં 'કોંગુ નાડુ' ક્ષેત્રને લઈને રાજકીય વિવાદ શરૂ થયો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ?– તમિલનાડુ
12. તાજેતરમાં કોણે ગુજરાત સાયન્સ સિટીની નવીન વેબસાઈટ અને મોબાઈલ એપનું લોન્ચિંગ કર્યુ છે ? – શ્રી વિજયભાઈ રૂપાણી

13. NTPC નવીનીકરણીય ઉર્જા લિમિટેડને ગુજરાતના ખાવડામાં કચ્છના રણ ખાતે.....મેગાવોટ રીન્યુએબલ એનર્જી પાર્ક સ્થાપવા માટે નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયની મંજૂરી મળી ગઈ છે ? – 4750

(NTPC નવીનીકરણીય ઉર્જા લિમિટેડને ગુજરાતના ખાવડામાં કચ્છના રણ ખાતે 4750 મેગાવોટ રીન્યુએબલ એનર્જી પાર્ક સ્થાપવા માટે નવા અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયની મંજૂરી મળી ગઈ છે. આ ભારતનો સૌથી મોટો સોલાર પાર્ક હશે, જે દેશના સૌથી મોટા પાવર ઉત્પાદક દ્વારા બનાવવામાં આવશે.)

14. તાજેતરમાં કોણે અમદાવાદમાં રાષ્ટ્રીય ફોરેન્સિક વિજ્ઞાન યુનિવર્સિટીના નવનિર્મિત સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર રિસર્ચ એન્ડ એનાલિસીસ ઓફ નોર્કટિકસ એન્ડ સાઈક્રોટ્રિક સબસ્ટ્ન્ટસનું ઉદઘાટન કર્યુ છે ?

– કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતશાહ

15. ભારતીય વાયુસેનાને બોઈંગ કંપનીનું કેટલામું P-81 વિમાન મળ્યું છે ? – 10મું

(ભારતે તાજેતરમાં યુએસ સ્થિત એરોસ્પેસ કંપની બોઈંગ પાસેથી 10મું એન્ટિ–સબમરિન લડાકુ વિમાન P-81 મેળવ્યું છે. નોંધનીય છે કે P-81 વિમાનના કરાર પર સંરક્ષણ મંત્રાલયે વર્ષ 2009માં હસ્તાક્ષર કર્યા હતા. તથા વધારાના ચાર વિમાન માટે પણ કરાર કર્યો હતો.)

16. ટોકયો ઓલિમ્પિક ગેમ્સ માટે ભારતે કેટલા ખેલાડીઓની ટૂકડી મોકલી છે ? – 119

(ભારતે ટોકયો ઓલિમ્પિક 119 ખેલાડીઓ સહિત 228 સભ્યોની ટુકડી મોકલી છે.)

17. અમદાવાદ ખાતે આવેલ એકવેટિક ગેલેરી, રોબોટિક ગેલેરી અને નેચર પાર્કનું કોણે વર્ચ્યુઅલ લોકાપર્ણ કર્યુ છે ?

– શ્રી નરેન્દ્રભાઈ મોદી

18. કઈ રાજ્ય સરકાર ટૂંક સમયમાં રાજ્યની તમામ સગર્ભા મહિલાઓને COVID-19 રસી ઉપલબ્ધ કરાવવા માટે ‘માતૃ કવચમ’ નામનું અભિયાન શરૂ કરશે ? – કેરળ

19. વાર્ષિક અવકાશીય વીજળીના અહેવાલ મુજબ 2020-21 દરમિયાન વીજળી પડવાના કારણે કયા ભારતીય રાજય/કેન્દ્રશાસિત રાજ્યમાં સૌથી વધુ મૃત્યુ થયા છે ? – બિહાર

20. રાષ્ટ્રીય સંપત્તિ પુનર્નિર્માણ કંપની લિમિટેડના પ્રથમ મેનેજિંગ ડિરેકટર કોણ છે ? – શ્રી પદ્મકુમાર માધવન નાયર

21. મુસાફરોને રીઅલ–ટાઈમ માહિતી એકસેસ કરવાની સિસ્ટમ શરૂ કરવા માટે.......સરકારે ગૂગલ સાથે ભાગીદારી કરી છે ?

– દિલ્હી

**22.** 'શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)'-2021ની બેઠકનું આયોજન કયા શહેરમાં થયું હતું ? – દુશાંબે

(શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન બેઠક તાજેતરમાં તાજિકિસ્તાનની રાજધાની દુશાંબેમાં મળી હતી. ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકરે ભારતનું પ્રતિનિધિત્વ કરતી આ બેઠકમાં ભાગ લીધો હતો.)

**23.** કેન્દ્રીય મંત્રીમંડળે કોકિંગ કોલ સંબંધી સહયોગ માટે કયા દેશ સાથેના MoUને મંજૂરી આપી છે ? – રશિયા

**24.** રાજ્યસભામાં કયા કેન્દ્રીયમંત્રીની ગૃહના નેતા તરીકે નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી પિયુષ ગોયલ

**25.** Twitter તાજેતરમાં તેની કઈ સુવિધા બંધ કરશે ? – ફ્લીટ્સ

**26.** કેન્દ્ર સરકારે રાજ્યોનું......નું નિયંત્રણ તેમના હેઠળ લઈ લીધું છે ? – જિલ્લા ખનીજ ભંડોળ

**27.** તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળે ભારતીય શિપિંગ કંપનીઓને સબસિડી રૂપે.....કરોડ આપવાની યોજનાને મંજૂરી આપી છે ? – રૂા. 1624

**28.** શ્રી કુમાર સ્વામીની જન્મ જયંતિ 15 જુલાઈના રોજ ઉજવવામાં આવી હતી. તે કયા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી હતા ? – તમિલનાડુ

**29.** તાજેતરમાં સુપ્રીમકોર્ટે એવું જણાવ્યું હતું કે આઝાદીના 75 વર્ષ પછી અંગ્રેજોના દેશદ્રોહ કાયદાની શું જરૂર ? આ દેશદ્રોહનો ઉલ્લેખ IPCની કઈ કલમમાં કરવામાં આવ્યો છે ? – 124(A)

**30.** ભારતના કયા રાજ્યએ પ્રથમ 'અનાજ એ.ટી.એમ.' સ્થાપિત કર્યુ છે ? – હરિયાણા

**31.** આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત 'કોવીહોમ' (COVIHOME) નામની COVID-19 પરીક્ષણ કીટ કોના દ્વારા બનાવવામાં આવી છે ? – IIT હૈદરાબાદના સંશોધનકારો દ્વારા

**32.** તાજેતરમાં કોણે આબોહવા પ્રસ્તાવ 'ફીટ ફોર 55 પેકેજ' રજૂ કર્યો છે ? – યુરોપિયન યુનિયન

**33.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સેનારી હત્યાકાંડ' કયા રાજ્યમાં થયો હતો ? – બિહાર

**34.** સામાન્ય રીતે કયા રાજ્યમાં 'બોલ બામ યાત્રા'નું આયોજન કરવામાં આવે છે ? – ઓડિશા

**35.** 'સલામત વાન, ધન અને ઉદ્યમ સાથે કોવિડ રસી' અભિયાન કોણે શરૂ કર્યુ હતું ? – કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી શ્રી અર્જુન મુંડાએ

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**

joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT